Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ જયેષ્ટ. આત્મ સં. ૩૫. અંક ૧૧ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | જૈન કોને કહીયે ? ... ... ... | ૨૭૫ |
| ૨ | હીત શિક્ષા. ... ... ... ... | ૨૭૬ |
| ૩ | મુનિ માહાત્મ્ય.... ... ... ... | ૨૭૯ |
| ૪ | પ્રગતિને પંથે-પંજાબમાં પ્રભાત. ... ... | ૨૮૩ |
| ૫ | બ્રહ્મચર્યના લાભો. ... ... ... | ૨૮૮ |
| ૬ | આત્મ વિશ્વાસ.... ... ... ... | ૨૯૨ |
| ૭ | કોણે દીઠી કાલ... ... ... ... | ૨૯૬ |
| ૮ | શ્રી ગુરૂદેવ જયન્તિ મહોત્સવ ( કાવ્ય ) ... ... | ૨૯૭ |
| ૯ | આ સભાનો ૩૪ મો વાર્ષિક મહોત્સવ અને વર્તમાન સમાચાર. | ૨૯૮ |
| ૧૦ | પ્રકીર્ણ ... ... ... ... | ૩૦૧ |
| ૧૧ | સ્વીકાર-સમાલોચના. ... ... ... | ૩૦૨ |


મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ-ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને ભેટ.

શ્રી આત્માનંદ પ્રકાશના પુસ્તક ( ૨૭–૨૮ ) ના આ વર્ષની ભેટ તરીકે જૈન ઐતિહાસિક ગ્રંથ “ સુકૃતસાગર યાને માંડવગઢનો મહાન મંત્રીશ્વર ” ભેટ આપવાનો તૈયાર થઈ ગયેલ છે.

જે મહાન પુરૂષનું ચરિત્ર આ ગ્રંથમાં આવેલ છે તે પૃથ્વીધર ( પેથડ કુમાર ) વિક્રમની તેરમી સદીમાં ( અત્યારના ધાર સ્ટેટ તાબે ) માંડવગઢમાં થયેલ છે. માંડવગઢના ઉપર પણ કાળચક્ર ફરી ગયેલ છતાં હાલ તે જૈનની તીર્થભૂમિ તરીકે નાનું ગામ ગણાય છે. તે વખતે આ શહેરનો મધ્યાન્હ કાળ હતો. આ પેથડકુમારે પોતાની દરિદ્રાવસ્થામાં કેવા પ્રકારનું ધૈર્ય રાખ્યું અને ઉન્નતાવસ્થા ( લક્ષ્મી પ્રાપ્ત થયા પછી )માં પોતાના દ્રવ્યનો કેવી રીતે સન્માર્ગ વ્યય કરી કેવા પ્રકારે દેવ, ગુરૂ, ધર્મની સેવા કરી તેના અનેક પ્રસંગો વાંચતાં કોઈ પણ ભવ્યાત્માને ધર્મ સન્મુખ કરે છે. પેથડશાહે પાંચ લાખ ટંકનું પરિગ્રહ પરિણામ કર્યા પછી, ઉપરાંત દ્રવ્યની વૃદ્ધિ થતાં ગુરૂભક્તિમાં, જિન ચૈત્ય બનાવવામાં, દાનશાળાઓ ખુલ્લી મુકવામાં તીર્થયાત્રા અને સ્વામીભાઇની ભક્તિ વગેરેમાં અપરિમિત દ્રવ્યનો વ્યય કર્યો. બત્રીશ વર્ષની યુવાન વયે સ્ત્રી સહિત બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો અને આખું જીવન દેવ, ગુરૂભક્તિ અને શુદ્ધ આચાર–વિચારપૂર્વક વ્યતિત કર્યું. સાથે તેમના સુપુત્ર ઝાંઝણે ચતુર્વિધ સંઘ સાથે જુદા જુદા તીર્થોની યાત્રાઓમાં દેવ, ગુરૂ, ધર્મ, સ્વામી ભાઈની અપૂર્વ ભક્તિ અપરિમિત દ્રવ્ય ખરચી કરી, તે પણ એક ધાર્મિક ઉચ્ચ ભાવના સાથે ઐતિહાસિક સાહિત્ય પણ પુરૂં પાડે છે. તે બધા અપૂર્વ, અલૌકિક, અનુકરણીય સત્ય ઘટનાના પ્રસંગો વાંચતાં મુમુક્ષુ આત્માઓને છલાછલ આત્મિક આનંદ થવા સાથે તેવા જૈન કુળભુષણ નરરત્ન થવા જિજ્ઞાસા થાય છે. સાથે મનનપૂર્વક પઠન પાઠન કરનાર ભવ્યાત્માને ઉત્તરોત્તર મોક્ષમાર્ગે લઈ જાય છે.

ગયા વર્ષની જેમ આ બે વર્ષ માટે પણ આવા ઐતિહાસિક કથાનક ગ્રંથ અમારા સુજ્ઞ ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે.

**અશાડ શુદ ૧૫ થી અમારા માનવંતા ગ્રાહકોને બે વર્ષના લવાજમ સાથે પોસ્ટેજ પુરતા, તથા લવાજમ અગાઉ ભરેલ બંધુઓને માત્ર પોસ્ટેજ પુરતા પૈસાનું વી૦ પી૦ કરવામાં આવશે જે સ્વીકારી લેવા નમ્ર સુચના છે. કોઈ પણ ગ્રાહક મહાશયે વી૦ પી૦ પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકસાન ન કરવા વિનંતિ છે.**

---

## પર્યુષણ પર્વમાં થતાં મહાવીર જન્મ મહોત્સવ માટે એક સગવડ.

અમારા સાંભળવામાં આવ્યું છે કે કેટલાક ગામમાં ઘોડીઆ પારણા નહીં હોવાથી પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ મહોત્સવ થતો નથી, તેથી તેનો પ્રચાર કરવા માટે આ સભાના એક આગેવાન સભાસદ તરફથી રૂપાના ઘોડીઆ પારણા શેઠ ગિરધરલાલ આણંદજી તથા શા દામોદરદાસ ગોવીંદજીની દેખરેખ નીચે તૈયાર કરાવી જે ગામના સંઘને જરૂર હશે તેને અમુક સરતે સગવડ કરી આપવામાં આવશે. માટે રૂબરૂ મળી ખુલાસો કરી જવો અને જરૂર જણાયતો પત્રવ્યવહાર આ સભાના સીરનામે કરવો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र—भाष्य—द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४६६ ज्येष्ठ आत्म सं. ३९ { अंक ११ मो.

## જૈન કોને કહીયે ?

ધીર સમીરે યમુના તીરે એ રાગ.

જૈન ભાઇ તો તેને કહીયે, નિજસમ સહુ જીવ જાણે રે;
પરગુણ પેખે પર્વત જેવા, નિજને ના વખાણે રે. જૈન. ૧
સ્નેહે સત્ય ઉચ્ચારે વાણી, અસત્યને ઉત્થાપે રે;
પર પ્રાણીનું પ્રિય કરવાને, દૃઢતા દિલમાં સ્થાપે રે. જૈન. ૨
ઝેર વેરનું નામ ન જાણે, શાંતિ હૃદયમાં રાખે રે;
પાય પાણી તરસ્યા પ્રાણીને, હિત પ્રિય વાકયો ભાખે રે. જૈન. ૩
પર પ્રમદા માતાસમ લેખે, પરધન પથ્થર જેવું રે;
પ્રભુ સાથે પ્રીતલડી રાખે, પતંગ દીપકમાં કેવું રે. જૈન. ૪
કલેશ કંકાસ કરે નહિં કોઇથી, નવ દુભવે પરમનને રે;
ક્રોધ શત્રુને કાપી નાંખે પ્રભુ અર્થે દે ધનને રે. જૈન. ૫
સંત સાધુની સંગત કરતો, ભજન કરે ભગવંતનું રે;
કાયામાયા કાચી જાણે, પ્રભુ સુખ છે શાશ્વતનું રે. જૈન. ૬
પ્રેમભરી આંખલડી, જેની પ્રેમ ભરેલી કરણી રે;
અજીતસાગર એ જૈન ભાઈના શું શકીયે ગુણવરણી રે. જૈન. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હીત–શિક્ષા.

## પ્રબળ વિષય વાસના યા મનોવિકાર જિતવા માટે.

૧ સુજ્ઞ જનોએ સમજી રાખવું જોઇએ કે જે મનુષ્ય સ્ત્રી તરફ વિષય વૃત્તિની દ્રષ્ટિથી જુએ છે તે મનુષ્ય હૃદયથી તે સ્ત્રી સાથે વ્યભિચારી બને છે.

૨ શરીરની અંદર ઉત્પન્ન થતા દુષ્ટ અને દુર્જય મનોવિકારોની સામે વીરતાથી લડો. જે મનુષ્ય તે વિકારો ઉપર જય મેળવે છે તે ત્રણુ ભુવનનો વિજેતા છે.

૩ જે સદ્‌વિચાર, ભાવના અથવા સત્કાર્ય પાછળ મનુષ્યની સમગ્ર શકિતઓનો વ્યય કરવો પડે છે તેવા વિચાર, ભાવના કે કાર્ય પાછળ પૂર્ણ બળથી લાગવામાં હદ બહારની વિકાર જનક શકિતનું યોગ્ય રૂપાન્તર થઇ જાય છે. ( પુત્ર વધુની પેરે ) તેથી પરિણામે તેવા દુષ્ટને દુર્જય વિકાર ઉપર કાબુ મેળવી શકાય છે, એવું સુંદર પરિણામ આવે છે.

૪ કોઇપણ સારી સમાજોપયોગી સંસ્થાની વ્યવસ્થા કરવી, યાવત્ નિ:સ્વાર્થપણે જૈન સેવામાં સ્વજીવન અર્પણ કરવું, કોઇપણ રૂપે પોતાનું સ્વરૂપ વ્યકિતત્વ પ્રગટ કરવાની ભાવના કરી તેને અમલમાં મૂકવી, ટુંકમાં કોઇપણ પ્રકારની મહત્વાકાંક્ષાને આકારક્ષાત કરવી એ પુરૂષ કે સ્ત્રીની ઉભરાઇ જતી ઉત્પાદક શકિતને પ્રગટ થવા વાસ્તે ઉત્તમ આવકારદાયક માર્ગ છે.

૫ વિકારોના સ્વાભાવિક જુસ્સાને વશ થવાને બદલે આપણે આપણી બધી શકિતઓ કોઇક ઉચ્ચ હેતુ સિદ્ધ કરવાને વિચાર પૂર્વક યોજવી જોઇએ.

૬ હેતુ વગરની ક્રિયાઓ જીવનશકિતનો નિરર્થક વ્યય છે.

૭ જિતેન્દ્રિયત્વ પ્રાપ્ત કરવાને કાંઇ કરવાને–મેળવવાને સંકલ્પ–દ્દઢ નિશ્ચય કરો, એથી બહુ લાભ થઈ શકશે. **ઇતિશમ્.**

## ધર્મના અનુયાયી માટે.

જે ધર્મમાં આપણો જન્મ થયો હોય તેમાંથી કંઇ સારૂં તત્ત્વ શિખવાને માટે થાય તેવું લક્ષ રહેવું જોઇએ. આપણે એવું પવિત્ર જીવન ગાળવું જોઇએ કે આપણે લીધે તે ધર્મની પ્રતિષ્ઠા વધવા પામે. અમુક ધર્મના પાળનારા ઉપરથી મોટે ભાગે તે ધર્મની કિંમત અંકાય છે.

## વિશ્વપ્રેમ જાગૃત કરવા માટે.

' વસુધૈવ કુટુંબકમ્'–આખું જગત્ નિજ કુટુંબ તુલ્ય છે, એ ભાવના–વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચારવાનું કામ સરલ છે, પણ તેને જીવનમાં ઉતારતાં પહેલાં શરૂઆત નિજ ઘરથી કરવી જોઇએ. અને ગૃહ સુધારણા પૂર્વે પણ સ્વસુધારણાની ખાસ જરૂર છે. એમ કરાય તોજ વિશ્વપ્રેમ સંબંધી નિજભાવના ક્રમે કરી સાર્થક થઇ શકે ખરી.

## સ્વકર્તવ્ય નિષ્ઠા માટે.

કર્તવ્ય નિષ્ઠાનો મોટો લાભ એ કે મનુષ્યને એથી આત્મ સંજોગ મળે છે અને અધિક હિતકર્તવ્ય કરવા આંતર પ્રેરણા મળે છે. ઉત્સાહ વધે છે, મેં મારૂં કર્તવ્ય ઠીક બજાવ્યું છે એ વિચારથી ઉત્પન્ન થતાં આંતરિક સંતોષની કિંમત કોણ આંકી શકે? ઇતિશમ્

## 'સારાં કામમાં બનતો યત્ન કરવો' એટલે?

ઘણીવાર આપણી શકિત ઉપરાતનાં ઘણાં કામ આપણે હાથ ધરીએ છીએ, તેનું પરિણામ એ આવે છે કે એક પણ કામ સારી રીતે આપણા મનને સંતોષ ઉપજે તેવી રીતે કરી શકતા નથી. જેથી નિરાશા પેદા થાય છે. જો આપણામાં વિશેષ શકિત જ હોય તો થોડું કામ કરી આળસુ પડી રહેવું નહીં. તેમજ આપણે જેટલાં કામ સારી રીતે કરી શકીએ તે કરતાં વધારે કામ હાથ ધરવાં નહિં. આપણે દરેક હિત-કર્તવ્ય આનંદ પૂર્વક અને હિમ્મત રાખીને કરવું જોઇએ, એ સુખની ઉન્નતિની ચાવી છે. ઇતિશમ્

## અપ્રમાણિકતા તજવા માટે.

આપણી વાણી કે વર્તનથી બીજો છેતરાય એવું બોલવું કે વર્તવું એ બધું અપ્રમાણિકતામાં સમાઇ જાય છે.

ધંધાને અંગે અપ્રમાણિકતા વધારે ચાલે છે. શાખ-આબરૂ-પ્રતિષ્ઠાની શી કિમ્મત છે તે મનુષ્યો લોભને અંગે ભૂલી જાય છે. તમે કદાચ થોડા વખતને માટે ઘણા મનુષ્યોને છેતરી શકશો નહીં. તમારી અપ્રમાણિકપણાની છાપ ચારે બાજુ ફેલાય છે, અને તમે કલ્પના પણ ન કરી હોય તેવી રીતે તમારી પેઢીને બેસી જવાનો અને આબરૂ ગુમાવવાનો દુઃખદાયક પ્રસંગ આવી મળે છે. પરન્તુ સંતોષ વૃત્તિથી પ્રમાણિક પણે વર્તનારાઓને આવો દુઃખ પ્રસંગ આવતો નથી.

ઇતિશમ્

## પ્રમાણિકતા સાથે કાર્યદક્ષતા આદરવા માટે.

પ્રમાણિકતાથી ધન કમાતાં શરૂઆતમાં વાર લાગશે, પણ જ્યાં એકવાર માણસની શાખ-પ્રતિષ્ઠા બંધાઇ ત્યાં તેનો વેપાર ધમધોકાર ચાલે છે. મનુષ્યોને પ્રમાણિકપણે ધન કમાવાની ધીરજ નથી, એકદમ વધારે લાભ લેવા અપ્રમાણિક સાધનોનો આશ્રય લે છે, તેનું કેવું દુઃખદાયક પરિણામ આવે છે તે આપણે નજરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ છીએ, મનુષ્ય અન્યાયથી એક બીજા મનુષ્યને છેતરે અને મનમાં માને કે હું અમુક કમાયો. ખરી વાત, પણ તેણે ખોયું કેટલું ? તેનો વિચાર કરવો જોઇએ. તેણે ખોઇ પોતાના ચારિત્રની પ્રતિષ્ઠા, તેણે ખોઇ તેની પેઢીની આબરૂ, તેણે ખોઇ આત્માની સંતોષ અને શાન્તિ, અને સૌથી મોટો ગેરલાભ તો એ થાય છે કે તેમનામાંથી ન્યાયનું તત્ત્વ ચાલ્યું જાય છે. વૃદ્ધો કહેતા આવ્યા છે કે 'લાખ જજો પણ શાખ ન જજો ' પણ અત્યારે તો છડેચોક એ વચનનો અનાદર કરાય છે; તેમ નહીં કરતાં ખૂબ પ્રમાણિક બનો એ વિજયની ચાવી છે. પરન્તુ એ સાથે **કાર્યદક્ષતા** નામના ગુણનો મેળ મેળવેલ જોઇએ. તેમાં ઘણા ગુણોનો સમાવેશ થાય છે. પણ તેમાંના થોડા મુખ્ય ગુણો જેવા કે—

**સમય પાલન**—જે સમયે જે વસ્તુ કે જે માલ કોઇને આપવા વચન આપ્યું હોય તે પ્રમાણે તેને આપવું. **સાચી હરીફાઇ**–પોતાનો માલ વધારે સારો બનાવવો એ વિજયનું એક ચિહ્ન છે. **ખંત**–મંડયા રહેવું, કઠીન લાગતાં કોઇ કામ મુલતવી નહીં રાખવાની ટેવ જરૂરની છે. કાર્યને મુલતવી રાખવાથી હાથ ધરવાના કામની કઠીનતા કે અપ્રિયતા ઓછી થતી નથી, બલ્કે વધે છે. અને પછી તે કામ કરવા વધારે અશકિત જણાય છે, વળી તેથી ( કાર્યને મુલતવી રાખવાની ટેવથી ) મનુષ્યમાં અનિશ્ચયતા, અપ્રમાણિકતા, અસત્ય અને વચન ભંગ વિગેરે અનર્થો નીપજે છે. જેઓ મુલતવી રાખવાની ટેવને જતી કરીને શીઘ્રતાથી દરેક કામ હાથ ધરે છે, તેમનામાં નિશ્ચય, ઉત્સાહ, આત્મ વિશ્વાસ અને સત્ય વિગેરે ગુણો ખીલવા પામે છે. એ બધા કાર્યદક્ષતાના અંગો થયા–એ રીતે પ્રમાણિકતા સાથે જ્યારે કાર્ય દક્ષતાનો મેળ મળે છે ત્યારે દરેક બાબતમાં મનુષ્ય સારી રીતે વિજય મેળવી શકે છે. જો આપણે ઉન્નતિના માર્ગે જવુંજ હોય તો યથાર્થ સમજ પૂર્વક શાંત પળોમાં અમુક નિશ્ચયો નિયમો બાંધવા અને પછી ગમે તેવાં પ્રલોભનો કે લાલચો આવે છતાં તે નિશ્ચયથી ડગવું નહીં–તેને બરાબર વળગી રહેવું. પ્રારંભમાં ભૂલો પણ થશે, ઘણીવાર નિશ્ચય પ્રમાણે નહીં પણ ચલાય, છતાં નિશ્ચય બળ મજબુત હશે તો જરૂર ઉન્નતિ સાધી શકાશે અને આપણું જીવન અન્ય જનોને પણ સુખદાયક નીવડશે. આવું પવિત્ર ચારિત્ર જીવન સેવવા આપણે અવશ્ય પ્રયત્ન કરવો ઘટે. સજ્જનોનો ચારિત્ર એજ ઉત્તમ ધર્મ છે, એજ ખરી વિજયની ચાવી છે, એજ ઉન્નતિનો સાચો માર્ગ છે. એજ આત્મ સંતોષનું સાધન છે એજ આત્મસાક્ષાત્કારનું બીજ છે. અને એજ છેવટે કલ્યાણનો માર્ગ–સફળ ઉપાય છે.

**લે૦ સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुनि माहात्म्य.

**तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं, हितार्थ धर्मा हि तदुक्तिसाघ्याः ।**
**श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ धर्म प्रयासान् कुरुषे वृथैव ॥ १ ॥**

**मुनि सुंदरसूरि.**

"સર્વ તત્ત્વોમાં ગુરૂ તત્ત્વ મુખ્ય છે. આત્માના હિતને માટે જે જે ધર્મો કરવાના છે, તે તે ધર્મો તેઓના કહેવાથી સાધી શકાય છે. હે મૂઢ પુરૂષ, જો તું તેવા ગુરૂઓની પરીક્ષા કર્યા વગર તેમનો આશ્રય કરીશ તો ધર્મને માટે કરવામાં આવેલા તારા પ્રયાસો સઘળા નકામા થશે. ૧"

આ પ્રમાણે જૈન દર્શનમાં ગુરૂતત્ત્વનું સ્વરૂપ ઉત્તમ પ્રકારે પ્રતિપાદન કરેલું છે. વિશ્વની પ્રજાના કલ્યાણનો માર્ગ બતાવનાર ગુરૂજ છે. જૈન આગમતો એટલે સુધી લખે છે કે ગુરૂ એ ધર્મને દર્શાવનાર મોક્ષ પર્યંતનો સાથી છે. ગુરૂ પણ એક મનુષ્ય છે છતાં પણ જે તેનું આવું અસામાન્ય માહાત્મ્ય દર્શાવવામાં આવે છે, તેનું કારણ માત્ર તેનું વધુ જીવન ઉપકારમય હોવાનું છે. જગતમાં ઉન્નત જીવન ધારણ કરનાર મુનિજ છે. ગૃહસ્થો પણ અમુક વર્તનથી પોતાનું ઉન્નત જીવન કરી શકે છે, પરંતુ કેટલાએક વ્યવહારિક અંતરાયોને લઇને તેનું જીવન વિક્ષેપમય બની જાય છે, તેથી ઉન્નત જીવનના તત્ત્વો મેળવવાને તેઓ પૂર્ણ રીતે સમર્થ થઈ શકતા નથી. તે ઉન્નત જીવનનો મુખ્ય મંત્ર સ્વાર્પણ અને કર્ત્તવ્ય છે. સ્વાર્પણ એટલે અભિમાનની વૃત્તિનો ત્યાગ કરીને પોતાને જે જ્ઞાન થયું હોય તે બધું પોતાના આચારમાં પ્રદર્શિત કરી, બીજાના કલ્યાણમાં પ્રવૃત્તિ કરવી એજ સ્વાર્પણ પૂર્વક કર્ત્તવ્ય કરવાનો અર્થ છે, પછી તે કર્તવ્ય પોતાના આત્માના લાભને અર્થે હોય કે પોતાના કરતાં વધારે સંખ્યા કે સ્થાનના લાભને માટે હોય કે આખા વિશ્વના લાભને માટે હોય; તો પણ જે કાલે જેટલું જ્ઞાન હોય તે જ્ઞાન માત્રને અભિમાન વિના આચારમાં આણવું એ ઉન્નત જીવનનો માર્ગ છે. આવા ઉન્નત જીવનમાં વર્ત્તનાર મુનિને દ્રષ્ટિરાગ, કામરાગ અને સ્નેહરાગ કે જેમનું અત્યારે ઘણે સ્થળે સામ્રાજ્ય જોવામાં આવે છે, તેઓ અસર કરી શકતા નથી. જૈન આગમ એ ત્રિવિધ રાગને દૂર કરવા માટે સખ્ત ભલામણ કરે છે. અને ચારિત્રરૂપી રત્નમાં તેને એક ડાઘ સમાન ગણે છે. સાંપ્રતકાળે આ ત્રિવિધ રાગ બલવત્તર થઇ પડયો છે. તેથી મુનિના શુદ્ધ ચારિત્ર જીવનને અશુદ્ધ કરનારો એ ત્રિવિધ રાગ પ્રત્યેક મુનિએ ત્યજવો જોઇએ. જો એ અનિષ્ટ રાગનો ત્યાગ કરવામાં ન આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તે મુનિ પોતાના સ્વાર્પણ અને કર્ત્તવ્યરૂપ ઉન્નત જીવનને મેળવી શકશે નહીં, એ નિઃસંદેહ છે. મુનિના જીવનનું માહાત્મ્ય પણ એ રાગના અભાવથી જ જણાય છે. જૈન મહાત્માઓએ મુનિનું ઉન્નત જીવન મનનમાં જ સ્થાપ્યું છે અને તેથી મનનશીલ મુનિના શબ્દાર્થની ઘટના કરી છે. મન અથવા બુદ્ધિનો સ્વભાવ મનન કરવાનો છે. ચાંચલ્ય એ જ તેની પ્રકૃતિ છે, છતાં તેને સ્થિર કરવામાં જ ઉન્નતિ છે, અને પરંપરાએ તેથી જ મોક્ષ છે, એમ એ મહાત્માઓના વચનનું તાત્પર્ય છે. તત્ત્વજ્ઞો કહે છે કે, " પ્રકૃતિને અન્યથા કરી શકાતી નથી, વિશ્વક્રમ અથવા વસ્તુગતિને કોઇ બદલી શકતું નથી, માત્ર તેને પ્રાકૃતિક પદાર્થ અને વિચારનો અન્ય અન્ય પ્રકારે વિનિયોગ કરી શકાય છે. યોગ્ય વિનિયોગથી વિષ પણ અમૃત થઇ જાય છે અને કુશળ આચાર્ય કે ગુરૂની ઉપયોગિતા પણ તેના વિનિયોગના ચાતુર્યમાં જ સમાપ્ત થાય છે " વળી જૈન આગમમાં કેટલેક સ્થળે એમ પણ કહ્યું છે કે, દષ્ટિરાગ મિથ્યાત્વજન્ય છે. રાગ તો કોઇની સાથે કરવો નહીં, પણ મોહનીય કર્મના ઉદયથી રાગ કર્યા વિના રહેવાય નહીં, તો પછી કોઇ યોગ્ય સ્થાને રાગ કરવો. " મહાત્મા હેમચંદ્રાચાર્ય તેને માટે એમ લખે છે કે, ત્રણ પ્રકારના રાગમાં કામરાગ અને સ્નેહરાગ અલ્પ પ્રયાસથી નિવારી શકાય છે, પરંતુ પાપી દષ્ટિરાગ તો સજ્જન મનુષ્યોને પણ છોડવો મુશ્કેલ છે. એ દષ્ટિરાગ કે જે મિથ્યાત્વજન્ય મોહનીય કર્મના ઉદયથી થતા અસ્વભાવિક પ્રેમરૂપ છે, તનો ઉચ્છેદ શુદ્ધ ચારિત્ર ધારી મુનિ જ કરી શકે છે.

અધ્યાત્મ વિદ્યાના વિદ્વાનો લખે છે કે, " કોઇ એક વિચાર કે સ્થિતિમાં ક્ષણવારે ટકવું નહીં એવો મનનો સ્વભાવ છે; તેમાં ધીમે ધીમે ધર્મભાવનાનો ટકાવ રાખતાં મનને શીખવવું, સ્વાર્પણ અને કર્ત્તવ્યને સમષ્ટિ ભાવનામાં જ તેનું ચાંચલ્ય નિરંતર ચંચળતાથી રમે એમ તેને ટેવ પાડવી, એટલે નિઃસાર અને ક્ષણિક તથા હેતુ શૂન્ય ચંચળતાથી રહિત થઇ, મન અતિ ભવ્ય પરાક્રમ અને ઉન્નતિના પ્રેમ માર્ગમાં વિલાસી બનતાં, વૃક્ષ, પશુ, મૃગાદિના જીવન કરતાં તેવા મનયુકત મુનિનું જીવન ખરૂં ઉન્નત જીવન થઇ રહે છે. અને પરિણામે સ્થાનારોહણના ક્રમથી મોક્ષનું અનુભવી બને છે.

જૈન મુનિનું જીવન દિવ્ય અને સર્વોત્કૃષ્ટ મનાય છે, તેના અનેક કારણો છે. તે મહાત્મા કેવળ સ્વ આત્માના ઉદ્ધારક નથી, પરંતુ તે પ્રજાના સામાજિક, વ્યવહારિક અને નૈતિક આચારોના પણ ઉદ્ધારક છે. શિક્ષણ, ઉપદેશ, લેખન, વાચન આદિ પ્રકારો જે સર્વ પ્રકારની આત્મિક ઉન્નતિના સાધનો ગણાય છે, તે મુનિ જીવનના પોષક છે. તે મહાત્માના જીવનનો સમારંભ અનુભવથી થાય છે. પદાર્થ સ્વરૂપ અને વિશ્વસ્વરૂપ નો વિચાર કરતાં જે વાત સિદ્ધ થાય, જીવિતનો જે હેતુ તે સમજાય, તે પ્રમાણે રચાએલા નીતિના ધોરણને ઉત્તમ મુનિ સારી રીતે સમજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે, અને તે ઉપરથી પોતાના કર્ત્તવ્યની રેખા બાંધી શકે છે. સત્ય, પ્રેમ, નિર્મલતા, સદ્બોધ, અને શાંતિ—એ મુનિત્ત્વના મહાગુણો છે. એ ગુણોમાં જ ચારિત્રની ચરિતાર્થતા થાય છે, જેથી મુનિનું મુનિત્વ છે તે કોઈ ઉચ્ચતમ ભાવના રૂપે જ રહેલ છે. પ્રાચીન મુનિઓમાં તે ભાવનાનો જે જે શુદ્ધમાંશુદ્ધ આવિર્ભાવ થયો છે, તે તે શુદ્ધ આવિર્ભાવ આ વિશ્વમાં પોતાના નામ અમરપણાના પૂજ્ય—આસને મુકી ગયાં છે. તે શુદ્ધ ભાવના વિચારને અનુકૂલ સત્ય પ્રેમાદિ આચારવાળાનો ચારિત્ર વ્યવહાર કેવો થાય છે, અને તેની ભવ્ય ભાવનાથી પ્રજવલિત હ્રદયો કેવાં દીપે છે અને દીપાવે છે, એ ઇતિહાસના અવલોકનારને અજાણ્યું નથી. જૈન ધર્મના મહાન સંસ્થાપક મહાત્માઓ આ સંસારની શૃંખલાને તોડી મુનિત્વના સૂક્ષ્મ સ્વરૂપમાં રમવામાંથી જ અમરત્વના અમૃતથી પ્રેમમત્ત થઇ પ્રવર્ત્યા છે. જૈનોના એ મહાત્માઓના સ્વાર્પણમય ચરિત પણ એ અતુલ ઉચ્ચ ભાવનાનું ફૂલ છે. અહા ! સાંપ્રતકાલે કેટલેક સ્થળે એ શુદ્ધ ભાવનાઓના સમયનો ભંગ થવા બેઠો છે; જો સાવધાની રાખવામાં નહી આવે તો એ મુનિત્વનું ઉજ્વળ સ્વરૂપ તદ્દન મલિન થઈ જશે, ચારિત્રનો ચળકાટ તદ્દન ઝાંખો થઇ જશે; એટલું જ નહીં પણ એ ભંગ સાથે જ આપણા જૈનત્વનો, આપણી સંઘ મર્યાદાનો, આપણા પ્રેમનો, આપણા ધર્મનો અને આપણાં ખરાં સ્વરૂપનો પણ ધ્વંસ થઇ જશે. એવું જે જે સ્થળે જણાય ત્યાં ત્યાં તેથી જૈન મુત્વિને ઉચ્ચ સુધારણાઓ લાવવાની પૂરેપૂરી જરૂર છે. આ સમય ચોથા આરાનો નથી પણ પાંચમા આરાનો છે. આ કનિષ્ટ યુગમાં મુનિત્વના રક્ષણને માટે ઘણી સાવધાની રાખવાની છે. આ યુગમાં કજીઓ, કંકાસ તીવ્ર સ્વરૂપમાં પહોંચતા વાર લાગતી નથી. જે આપણે જોઇએ છીએ. તે વખતે જીવન કલહમય બની જાય છે. પોતાનું ચારિત્ર ઉત્તમ ઠરાવવાને બીજાના ચારિત્ર ઉપર શાહી ફેંકવાની તત્પરતા ક્ષણમાં ઉત્પન્ન થાય છે, તેથી શુદ્ધ મુનિત્વને કલંકિત કરવાના અનેક પ્રસંગો આ સમયે ઉભા થાય છે. પાંચમા આરાનો અમલ પૂરેપૂરો ચાલે છે. કોઈ સ્થળે તે બીજરૂપ છે, તો કોઇ સ્થળે વૃક્ષ રૂપ છે. મુનિત્વની મહત્તા યથાર્થ જાળવવી એ અત્યારે મુશ્કેલી ભરેલું છે. કેટલી વારતો કલહની તીવ્ર ઝટાપટીમાં મુનિત્વ તલ્લીન થઇ બેસી ગયું છે, એમ દેખાય છે. કેટલાએક ચારિત્રના શુદ્ધ સ્વરૂપને ભુલી જઇ તેના ધારણ કરનારાઓ અભિમાનના ઘોડા ઉપર બેસી જૈન ધર્મની મર્યાદાને ઓલંગવા તત્પર બનેલા દેખાય છે. કેટલાક ચારિત્રધારી પોતાનું શ્રેષ્ટત્વ—સામર્થ્ય વધારવાને પ્રબળ પ્રયત્ન કરે છે, આવી પ્રવૃત્તિમાં મુનિત્વનું માહાત્મ્ય શી રીતે રહી શકશે ? જો કે કેટલાક મહાત્માઓ તેથી વિમુખ હોઇ ચારિત્ર ધર્મ પાળવામાં જ પણ ઉત્સૂક છે એવા પણ છે. આ ક્ષણે પ્રાચીન મુનિત્વની પરિસ્થિતિનો વિચાર કરવાની આવશ્યકતા છે. પ્રાચીન મુનિત્વ એવા મનોબળ વાળું હતું કે જેની ઉપર કાળની અસર પણ થતી ન હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા મુનિત્વને ધારણ કરનારાઓના હૃદયમાં ઉચ્ચ ભાવનાઓ સ્ફુર્યા કરતી હતી. એ ભાવનાઓમાં પરસ્પર સહાય કરવાની તીવ્રપ્રવૃત્તિ રહેતી હતી; સહાય કરવામાંજ તેઓ ચારિત્રની ઉપયોગિતા માનતા હતા; અને તેથી સહાય કરવાની દિશામાં અવ્યાહત પ્રયત્ન કરતા હતા; તેને લઈને સંઘ તરફ તેમનો અસાધારણ પૂજ્ય ભાવ હતો. સંઘની ઉન્નતિમાં ધર્મ અને પ્રજાની ઉન્નતિ રહેલી છે, એવો તેમનો દૃઢ સિદ્ધાંત હતો. એક મહાત્માએ તો એટલે સુધી લખ્યું છે કે, " સંઘ એ જૈન ધર્મનો પ્રાણ છે, ચારિત્ર ધર્મનું જીવન છે અને સર્વ શુભ કરણીનો ઉત્પાદક છે. " આ મહાત્માનું કથન અક્ષરશઃ સત્ય છે. પ્રાચીન મુનિઓ એ જ સૂત્રને હૃદયમાં રાખતા અને સંઘનો પ્રભાવ વધારવાને પ્રતિદિન પ્રયત્ન કરતા હતા. તેઓને પોતાના મનોબળ ઉપર બહુ શ્રદ્ધા હતી, તેથી તેઓ માનતા કે, સ્વીકારી લીધેલા કાર્યમાં પ્રત્યક્ષ અંતરાયો આવવાથી જેટલો ગોટાળો થાય છે, તેના કરતાં અધિક ગોટાળો તો હૃદયબળની નિર્બલતાને લીધે થાય છે; આથી પ્રચંડ અંતરાયો આવવા છતાં પણ તેમનું ધૈર્ય ઢીલું પડતું ન હતું. તેઓ ખરેખરા ધૈર્ય સિંહો કહેવાતા હતા. એ ધૈર્ય બળથી તેઓ જૈનદર્શનના ઉદ્યોતમાં વિજયી થતા હતા. આવા ધૈર્ય ગુણની સાથે તેમનામાં હૃદયનું અનુપમ પાવિત્ર્ય હતું. અંતઃકરણમાં પ્રાણની પ્રતિષ્ઠા પાવિત્રયથી થાય છે, એમ તેઓ માનતા હતા. પવિત્રતા એ જોરવાળા અંતઃકરણનો મજબુત પાયો છે, એવો તેમનો મુખ્ય સિદ્ધાંત હતો. એક સમર્થ વિદ્વાન્ લખે છે કે, " પવિત્રતા શિવાય અંતઃકરણ જોરાવર થઈ શકતું નથી.

મોટા સાહસિક કાર્યો પૂરા કરવાને પવિત્રતાની આવશ્યકતા છે. " પૂર્વકાલે અનેક મહાત્માઓની એવી પવિત્રતાથી મુનિત્વ પ્રકાશમાન રહેતું અને તેથીજ આર્યાવર્ત્ત ઉપર જૈન મુનિત્વે મહાન્ વિજય મેળવ્યો હતો. સાંપ્રતકાલે પણ મુનિરાજો અને તેમની તેવી પવિત્રતાથી જ ધર્મનો ઉદ્ધાર થશે. તે સાથે સર્વ મુનિઓના અંતઃકરણમાં શુદ્ધ અને ઉજ્વળ એવી ગુરૂબંધુઓના પ્રેમની ગંગા વહેવી જોઇએ. નિઃસ્વાર્થ અને નિરપક્ષ બુદ્ધિથી તેમના ચિત્ત અત્યંત તેજોમય બનવા જોઇએ, ત્યારેજ જૈન ધર્મ અને પ્રજાની ઉન્નતિ સિદ્ધ થશે. આ વિશ્વ ઉપર શ્રીવીરધર્મનો વિજયધ્વજ ફરકશે અને સર્વત્ર પ્રસરેલા અંધકારનો પ્રદેશ પ્રકાશમાં આવશે. શ્રી શાસન પતિદેવતા સર્વ જૈન પ્રજાને એ સુવર્ણનો સમય સત્વર બતાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રગતિને પંથે— પંજાબમાં પ્રભાત.

" મહુવાકર "

આજથી ૪૦ વર્ષ પહેલાની વાત છે! પંજાબમાં અનેક ગગનચુમ્બી ભવ્ય મંદિરો આચાર્ય શ્રી વિજયાનંદસૂરિના ઉપદેશના ફળ સ્વરૂપ શોભી રહ્યાં હતાં-એક દિવસ એક આર્યસમાજી ભાઇ આચાર્ય શ્રી પાસે આવ્યો ને પૂછ્યું મહારાજ મંદિરો તો આપને પચાસોં બનવાયે અબ સરસ્વતી મંદિર કબ બનેગા? આચાર્યશ્રીએ જવાબ આપ્યો મહાનુભાવ અબ ઇસી કામ કે લિયે આ રહા હું. આચાર્યશ્રીની આ અન્તિમ ભાવના હતી પણ તે બર આવે તે પહેલાં તો તેઓશ્રી સ્વર્ગે સીધાવી ગયા—જૈન સમાજનો અભ્યુદય હજી દૂર હતો.

આચાર્યશ્રીની પછી તેઓશ્રીના પ્રશિષ્યરત્ન આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિએ કાર્યક્ષેત્ર હાથ ધર્યું. સ્વર્ગીય આચાર્યશ્રીની વિશિષ્ટ ગુણ સંપત્તિ, કાર્યદિશા તથા ઉદાત્ત ભાવનાઓ આચાર્યશ્રીને મળ્યાં હતાં-આચાર્યશ્રીએ પણ સમાજના ઉત્થાનને માટે, ધર્મ અને સાહિત્યના પ્રચાર માટે, દેશ, કાળને અનુરૂપ અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી અને સમાજમાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવવા જગ્યાએ જગ્યાએ વિદ્યામંદિરો ઉભાં કરવા સતત ઉપદેશ ચાલુ રાખ્યો. મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના પછી આચાર્યશ્રી વિહાર કરતાં કરતાં ઘણાં વર્ષે પંજાબ સં. ૧૯૭૮ માં પધાર્યા. પંજાબનો શ્રી સંઘ તેઓશ્રીના વચનામૃત માટે તલસી રહ્યો હતો.

પંજાબમાં પગ મૂકતાં જ સ્વર્ગીય ગુરૂમહારાજની સરસ્વતી મંદિર બનાવવાની અન્તિમ ભાવના ફલીભૂત કરવા આચાર્યશ્રીએ ઘોષણા કરી. પંજાબ શ્રી સંઘને પોતાની ઇચ્છા જાહેર કરી. જ્યાં સુધી એક લાખ રૂપીયાના ફંડથી જૈન ગુરૂકુળ સ્થાપન ન થાય ત્યાંસુધી મીઠાઇ ગળપણનો ત્યાગ કરવા કઠીન પ્રતિજ્ઞા લીધી અને પંજાબ શ્રી સંઘ પાસે પોતાની ઇચ્છારૂપ ઝોળી ધરી દીધી. પંજાબના ગુરૂભક્ત શ્રી સંઘે આચાર્યશ્રીની ઇચ્છાની ઝોળીમાં રૂપીઆને નોટો કડાને બંગડીઓ, વીંટીને વાળીઓ સાંકળીને ચેઇનોનો જાણે વરસાદ વરસ્યો ને ૨૮૦૦૦) ની રકમ જોત જોતામાં થઇ ગઇ. હુશિઆરપૂરનું એ દૃશ્ય અદ્વીતીય હતું.

આચાર્ય શ્રી પંજાબમાં વિહાર કરતા કરતા ગુજરાનવાળા ૧૯૮૧ માં પધાર્યા. ત્યાં ગુરૂકુળ માટે ઉપદેશ ધારા શરૂ રાખી, ગુજરાંવાળા શ્રી સંઘે રૂા. ૪૦૦૦૦) રોકડાને ૧૦૦૦૦) ની જમીન આપવા વચન આપ્યું-મુંબઇથી પં. શ્રી લલિતવિજયજીની પ્રેરણાથી એક દાનવીર શેઠની ગુપ્ત સહાય ૩૨૦૦૦) ની આવી પહોંચી. આચાર્યશ્રીની પ્રતિજ્ઞા પૂરી થઇને સં. ૧૯૮૧ ના મહા શુદિ ૬ ને શુક્રવારે તા. ૩૦-૧-૨૫ ના દિવસે ગુરૂકુળની સ્થાપના થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસા મળ્યા પણ પૈસા માત્રથી કંઈ સંસ્થાઓ ચાલી શકે છે? સંસ્થાને આજીવન અપનાવી નિઃસ્વાર્થ ભાવે એક નિષ્ઠાથી સેવા આપનાર અનુભવી અને પ્રતિષ્ઠિત કાર્યકર્તાની સૌથી પહેલી જરૂર હોય છે. એક વર્ષ તો કાર્યકર્તાની ખોજમાં ગયું જૈન સમાજમાં કાર્યકર્તાઓ નથી મળતા, તેમાં પંજાબ જેવા જૈનોની જૂજ વસ્તી ધરાવનારા દેશમાંથી કાર્યકર્તા મળવા મુશ્કેલ હતા-છેવટે આચાર્યશ્રીની દીર્ઘદ્રષ્ટિએ એક સુયોગ્ય વ્યક્તિ શોધિ કાઢી અને તે આજના ગુરૂકુળના માનદ્ અધિષ્ઠાતા બાબુ કીર્તિપ્રસાદ જૈન B. A. L. L. B. તેઓશ્રીએ અસહકાર યુગમાં પોતાની ધીકતી વકીલાત છોડી દીધી હતી. ધર્મપ્રેમી તથા સમાજહિતૈષી હતા. હસ્તિનાપુરનું કામ ઘણા વર્ષ સંભાળ્યું હતું અને વયોવૃદ્ધ તથા અનુભવી હતા જ તેમને પંજાબ શ્રી સંઘે પ્રાર્થના કરી અને તેઓશ્રીએ નીઃસ્વાર્થ ભાવે ગુરૂકુળનું સંચાલન હાથ ધર્યું-આજે ચાર વર્ષથી યુવાનને શરમાવે એવા જોશથી ગુરૂકુળના વિકાસ અને ઉન્નતિ માટે રાતદિન પ્રયત્ન સેવી રહ્યા છે.

આ રીતે ગુરૂકુળનું વ્યવસ્થિત કાર્ય ૧૯૮૨ ના મહા શુદિ ૫ થી શરૂ થયું આજે ચાર વર્ષ પૂરા કરી ગુરૂકુળ પાંચમા વર્ષમાં પ્રવેશ કરે છે.

**સ્થાન.** પંજાબમાં ગુજરાંવાળાના હવા પાણી ઉત્તમ ગણાય છે. મહારાજા રણજીતસિંહ તથા સરદાર હરિસિંહ વગેરેની જન્મભુમિ છે. સ્વર્ગીય આચાર્યશ્રીનું સમાધિ સ્થાન હોઇને એક તીર્થધામ બની રહેલ છે. તેમજ આખાએ પંજાબમાં અહીં જૈન આબાદિ વધારે પ્રમાણમાં હોવાથી ગુજરાંવાળા ગુરૂકુળ માટે પસંદ કરવામાં આવ્યું છે.

હમણાં તો શહેરથી એક માઇલ દૂર સ્ટેશન પાસેની કોઠીમાં ભાડે રહેવાનું રાખ્યું છે. ગુરૂકુળ મકાન માટે શહેરથી બે માઇલ ગૌશાળા પાસે ૬૪ વીઘા જમીન માટે વાતચીત ચાલે છે.

**આંતર્વ્યવસ્થા.** ગુરૂકુળનું કાર્ય સર્વ સાધારણ સભા, પ્રબંધક સભા, કાર્યકારણી સમિતિ તથા શિક્ષા સમિતિની વ્યવસ્થા નીચે બંધારણ પૂર્વક ચાલે છે. પંજાબશ્રી સંઘના પ્રત્યેક ગામના પ્રતિનિધિ આર્થિક સહાયક પ્રતિનિધિ, ગુરૂકુળના હિંદભરના હિતચિંતકોમાંથી પ્રતિનિધિ તથા વિદ્યાર્થીના માતા-પિતા વ સંરક્ષકોમાંથી પ્રતિનિધિની સર્વ સાધારણ સભા બનેલ છે, સર્વ સાધરણ સભામાંથી ૨૪ સભ્યો નિયુકત કરવામાં આવેલ છે, જેની પ્રબંધક સમિતિ બનેલ છે અને પ્રબંધક સમિતિમાંથી સભ્યોની કાર્યકારિણી સમિતિ બનેલ છે જે ગુરૂકુળની તમામ વ્યવસ્થા કરે છે. શિક્ષણ શાસ્ત્રી તથા વિદ્વાનોની શિક્ષા સમિતિ ૮ સભ્યોની બનેલી છે. જે શિક્ષા સંબંધી કાર્ય સંભાળે છે, ગુરૂકુળના ૭ ટ્રસ્ટીઓ નીમેલા છે. એક પ્રમુખ અને એક સેક્રેટરી ગુરૂકુળ પર બધી દેખરેખ રાખે છે. આ રીતે ગુરૂકુળનું કામ બંધારણ પૂર્વક વ્યવસ્થિત્ત ચાલી રહ્યું છે.

**વિદ્યાર્થીઓ.** માત્ર ૧૮ વિદ્યાર્થીથી ગુરૂકુળની શરૂઆત કરવામાં આવી હતી. આજે ગુરૂકુળમાં ૭૫ વિદ્યાર્થીઓ છે. ધીમે ધીમે ગુરૂકુળનું નામ પંજાબ બહાર બંગાલ-યુ. પી. મેવાડ મારવાડ માલવા ગુજરાત કચ્છ, કાઠીઆવાડ તથા દક્ષિણ મહારાષ્ટ્ર-સુધી પહોચી ગયું છે અને દરેક પ્રાંતના વિદ્યાર્થીઓ આવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા છે ગુરૂકુળમાં એક વિશેષતા એ પણ છે કે કોઈપણ પ્રાંતના શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી કે દિગમ્બર કોઈપણ ફીરકાના વિદ્યાર્થીને ગુરૂકુળમાં સ્થાન મળે છે અને એટલુંજ નહિ પણ અજૈન બ્રાહ્મણ-ક્ષત્રીય વગેરે જાતિના બાળકોને પણ લેવાની ઉદાર દૃષ્ટિ રાખેલી છે. ચાલુ સાલમાં પણ દરેક પ્રાંતના અને દરેક ફીરકાના તેમજ બ્રાહ્મણ ક્ષત્રીય જાતિના પણ વિદ્યાર્થીઓ છે એટલુંજ નહિ દૂર દૂરના પ્રાંતોમાંથી અરજીઓ આવતી જાય છે.

**વ્યવસ્થા.** પ્રત્યેક વિદ્યાર્થીને એક સરખું ભોજન, શુદ્ધ પવિત્ર ખાદીનાં વસ્ત્ર-પુસ્તકો, સ્ટેશનરી, બીસ્તર આદિ સામાન ગુરૂકુળની તરફથી પૂરા પાડવામાં આવે છે. સુવાને માટે લાકડાનો પટો, કપડા વગેરે રાખવા કબાટ, ગ્લાસ, બીસ્તરમાં શેતરંજી, ગાદલું, રજાઇ સાદર ઓશીકું ઓઈ ( કામળ ) પૂજાની જોડ, ટોપી, કુરતા-ધોતી ગરમકોટ, નેકર લંગોટ બંડી ટુવાલ રૂમાલ વર્દી ( સ્કાઉટનો ડ્રેસ ) જૂતા જોડી વગેરે વિદ્યાર્થીઓને મફત દેવામાં આવે છે. પ્રત્યેક વિદ્યાર્થીઓને મફત દેવામાં આવે છે. પ્રત્યેક વિદ્યાર્થીને ૩૦ તોલા દુધ આપવામાં આવે છે. તથા બપોરે જલપાનમાં ફળઆદિ દેવામાં આવે છે. ભોજન ઋતુ પ્રમાણે બદલાવવામાં આવે છે. ગૃહપતિ અને ઉપગૃહપતિની રાતદિનની સંભાળને નીરીક્ષણ નીચે વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે.

**આરોગ્યતા વ્યાયામ.** વિદ્યાર્થીઓની શારીરિક શકિત વધારવા માટે તેમજ આરોગ્યતાને માટે ખાસ સાવધાની રાખવામાં આવે છે. પ્રતિદિન વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની કસરત, ડ્રીલ, દંડ, બેઠક, આસન, કુસ્તી તથા ફુટબોલ, પોલીબોલ, કબડ્ડી, સ્કાઉટીંગ, લાઠી આદિ કરાવવામાં આવે છે.

બિમારીના ઇલાજ માટે ગુરૂકુલમાં એક ઔષધાલય રાખવામાં આવ્યું છે. જેમાં દેશી વિલાયતી બન્ને પ્રકારની દવાઓ રહે છે. એક વૈદ્ય ખાસ એ કામ માટે ગુરૂકુળમાં રહે છે અને દેશી દવાઓ ગુરૂકુળમાં જ બનાવવામાં આવે છે. એક પ્રતિષ્ઠિત ડોકટર પણ રોકયા છે જે અઠવાડીયામાં એક વખત આવે છે અને જરૂર પડયે ગમે ત્યારે તેઓને બિમાર માટે બોલાવી શકાય તેવો પ્રબંધ છે.

દર છ માસે પ્રત્યેક વિદ્યાર્થીની આંખ-કાન-નાક સ્વાસ્થ વજન ઉંચાઇ વગેરેની ડાકટરી તપાસ થાય છે, જેનો રીપોર્ટ વિદ્યાર્થીના માતાપિતાને મોકલવામાં આવે છે.

**વિનય મંદિર.** જ્યારથી ગુરૂકુળની શરૂઆત થઈ ત્યારથી ગુરૂકુળ પદ્ધતિ પ્રમાણે રાષ્ટ્રીય શિક્ષણને અનુકુળ અને જૈન ધર્મના શિક્ષણ સાથેનું સ્વતંત્ર શિક્ષણ આપવાની યોજના કરવામાં આવી હતી. રાષ્ટ્રભાષા હિંદીદ્વારા શિક્ષણ આપવું એ પણ એટલું જ નિશ્ચિત હતું. એ પ્રમાણે ગુરૂકુળમાં ગુજરાતી હિંદી કે ઉર્દૂ ત્રણ ધોરણ પૂરા કરી આવનારને દાખલ કરવામાં આવ્યા અને ૧ વર્ષ હિંદી આદીની તૈયારી માટે પ્રવેશિકા વર્ગમાં રાખી ગુરૂકુળના પ્રથમ વર્ષમાં લેવામાં આવ્યા. આજે ગુરૂકુળમાં અંગ્રેજી ચાર ધોરણ થઇ ગયા છે. ચાલુ વર્ષની વાર્ષિક પરીક્ષા પછી પાંચ ધોરણ થશે અને એ વર્ષમાં હાઇસ્કુલના ૭ ધોરણો પૂરા થશે. વિનય મંદિરમાં હિંદી ગણિત, ધર્મ ઇ. ભૂ. અંગ્રેજી, ઉર્દુ-સામાન્ય જ્ઞાન તથા સંસ્કૃત વિગેરે વિષયો રાખવામાં આવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તમામ વિષયો નવીન પદ્ધતિએ શીખવવાં પ્રયત્નો થઇ રહ્યા છે. પાંચમાં ધોરણથી આપની લાઇનમાં જવા વાળા વિદ્યાર્થીઓ માટે કોમર્શીયલ કલાસની યોજના કરવા ધારણા છે.

**સાહિત્ય મંદિર.** જૈન તત્વજ્ઞાન, ન્યાય તથા સંસ્કૃત, પ્રાકૃત ભાષાનો ઉંચો અભ્યાસ કરાવવા તથા જૈન સમાજ સેવકો તેમજ કાર્યકર્તાઓ ઉત્પન્ન કરવાની ભાવનાથી ૧૯૨૬ માં સાહિત્ય મંદિરનો એક ખાસ વર્ગ ખોલવામાં આવ્યો. તેમાં આજે ૭ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. આ તેમનું છેલ્લું વર્ષ ચાલે છે. તેઓએ શ્રી જૈન એજ્યુકેશન બોર્ડની પ્રાકૃતની પ્રથમ પરીક્ષા પ્રમાણનયતત્ત્વલોકાલંકાર તથા તત્વાર્થસૂત્રની પરીક્ષા અને ૭ કર્મગ્રંથની પરીક્ષા આપી છે અને સારાં ઇનામો લીધા છે. કલકત્તા યુનીવરસીટીની ન્યાયની પ્રથમા પરીક્ષા આપી છે અને બીજીની તૈયારી કરી રહ્યા છે, આ ઉપરાંત આ વર્ષે ગુરૂકુળની છેવટની પરીક્ષા તેઓ આપશે. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, કર્મગ્રંથ તત્વજ્ઞાન તેમજ હિંદી ભાષા અને અંગ્રેજીનો અભ્યાસ કરી રહ્યા છે. આમાંથી સમાજને યોગ્ય કાર્ય કર્તા મળવાની આશા રહે છે.

**ઉદ્યોગ.** આધુનિક શિક્ષા પ્રણાલીમાં ઉદ્યોગને નામ માત્ર પણ સ્થાન નથી. માત્ર માનસિક શ્રમ અને પુસ્તકીયા જ્ઞાન સિવાય હાથ પગ કે શરીર ચલાવવા અને તે દ્વારા જરૂરી ઉદ્યોગ શીખવાને તેમાં અવકાશ જ નથી. જીવનને સ્વતંત્ર સ્વાવલંબન તથા વ્યવહારૂ બનાવવા ઔદ્યોગિક શિક્ષણ એક માત્ર સાધન છે. પ્રત્યેક સંસ્થામાં ઉપયોગી ઉદ્યોગના શિક્ષણની વ્યવસ્થિત વ્યવસ્થા હોવી અત્યંત જરૂરી છે. આ બેકારીના જમાનામાં ઉદ્યોગના શિક્ષણને સારૂં ઉત્તેજન મળવું જોઇએ.

ગુરૂકુળમાં તકલી અને ચરખા નિયમપૂર્વક અડધો કલાક કાંતવામાં આવે છે. ઉદ્યોગમાં બૂક-બાઇન્ડીંગ, સીલાઇ, સાબુ બનાવવાનું કામ તથા પ્રાથમિક રૂપે ખેતીનું કામ ચાલે છે. લલિત કળામાં સંગીતનું શાસ્ત્રીય દ્રષ્ટિએ શિક્ષણ અપાય છે. ડ્રોઇંગને માટે તેમજ વ્યવસ્થિત રીતે ઉદ્યોગ ચલાવવાની યોજના થઇ રહી છે. મકાનના અભાવે પ્રેસ આદિની યોજના અમલમાં આવી શકી નથી પણ ઉદ્યોગી ને વ્યવસ્થિત કરવાની વ્યવહારૂ યોજના વિચારાઇ રહી છે.

**જ્ઞાનમંદિર ને વાચનાલય.** ગુરૂકુળને અંગે એક સુંદર જ્ઞાનમંદિરની યોજના કરવામાં આવી છે; જેમાં હિંદી ગુજરાતી, ઉર્દુ, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત ભાષાના અનેક વિષયોના અગણીત ગ્રંથો છે. એક બાળ વિભાગ પણ અલગ રાખવામાં આવ્યો છે. જેનો લાભ વિનય મંદિરના વિદ્યાર્થીઓ લે છે. વાંચનાલયમાં હિંદી ગુજરાતી, ઉર્દુ, અંગ્રેજી વગેરે મળીને ઉપયોગી દૈનિક, પાક્ષિક, માસિક, ત્રિમાસિક ૩૦ આવે છે; જે વિદ્યાર્થી અને કાર્યકર્તાને માનસિક ખોરાક પુરો પાડે છે અને દેશની પરિસ્થિતિથી વાકેફ રાખે છે.

**ધાર્મિક ભાવ.** ધાર્મિક શિક્ષણને તો બીજા વિષયોની સાથે સ્થાન આપ્યું છે. પ્રાતઃ ૪॥ વાગે અને સાંજે ૬। વાગે બલવતી સમૂહ પ્રાર્થના તથા ઉપયોગી પ્રવચન આદિ થાય છે. હમેશાં દર્શન, પૂજન નિયમિત કરવાનો નિયમ છે. બંને ચતુર્દશીએ વિદ્યાર્થીઓ યથાશકિત વ્રત ઉપવાસ આયંબિલ એકાસણુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ કરે છે. એક આયંબિલ નિરંતર હમેશાં વારાસર વિદ્યાર્થી કરે છે. મહિનામાં પાંચ દિવસ સામાયિક પ્રતિક્રમણ કરવાનો નિયમ છે. આ ઉપરાંત સત્ય બોલવું, પોતાની ભુલ કબુલ કરવી, તેનું પ્રાયશ્ચિત કરવું, બિમારની સેવા કરવી, સાદાઇ કેળવવી વગેરે સંસ્કારો ધીમે ધીમે વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરતા જોવામાં આવે છે સમાજ અને દેશસેવાની ભાવના જાગૃત થતી જાય છે.

**વિષય પ્રવૃત્તિઓ.** એક વર્ષથી 'પ્રભાત' નામનું હિંદી અંગ્રેજી ઉર્દુ વિભાગવાળું ત્રિમાસિક શરૂ કર્યું છે અને તેની વ્યવસ્થા વિદ્યાર્થીઓ કરે છે. પ્રભાતનું બીજું વર્ષ પણ શરૂ થઇ ગયું છે. વિદ્વાનો તેમજ વિદ્યાર્થીઓના વિધવિધ લેખોથી તેને આકર્ષક બનાવવાના પ્રયાસો ચાલે છે.

ગુરૂકુળમાં એક વિદ્યાર્થી મંડળ વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા ચાલે છે, જે વિદ્યાર્થીઓની અડચણો તથા જરૂરીઆતોનો વિચાર કરીને અધિષ્ટાતાને કાને અવાજ પહોંચાડે છે તથા ગુરૂકુળની અવ્યવસ્થામાં ગૃહપતિને સહાયતા આપે છે.

વકતૃત્વશક્તિ તથા લેખનશક્તિના વિકાસ માટે એક વકતૃત્વ સભા સ્થાપન કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયોપર વિવેચન કરે છે અને મહિનામાં બે વખત કોઇ ખાસ વિષયને બદલે સુંદર કથા, ભજન, ઉર્દૂ કવિતા, મહા પુરૂષોનો સંદેશ, જરૂરી સમાચાર, કોઇ કાવ્ય, ચુંટીકાઢેલ-પ્રહસન તથા સંવાદ આદિનો કાર્યક્રમ ગોઠવી જ્ઞાનવિનોદ કરે છે.

ગુરૂકુળની વ્યવસ્થા વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી છે. જ્ઞાનમંદિર, વાચનાલય, ઔષધાલય, અતિથિ સતકાર, સ્ટેશનરી ખાતું, અભ્યાસના પુસ્તકોનું કાર્ય, વ્યાયામ વ્યવસ્થા, સ્કાઉટ-નાયક વગેરે કાર્ય વિદ્યાર્થીઓએ ઉપાડી લીધાં છે અને વ્યવસ્થિત ચાલે છે.

સ્વાશ્રયની દ્રષ્ટિએ કમરાઓની સફાઇ-વર્ગની સફાઇ તેમજ વ્યવસ્થા, મંદિરજીની પૂજા પીરસવાનું કાર્ય, ઘંટ વ્યવસ્થા, ઉત્સવ-યોજના બધું વિદ્યાર્થીઓ જ પોતાના હાથે કરે છે. અને નિયમાનુસાર તે ચાલ્યા કરે છે. રજાનો સદ્‌ઉપયોગ કરવાની દ્રષ્ટિએ મહા પુરૂષોની જયંતીઓ વિશેષરૂપે ઉજવવામાં આવે છે તથા તહેવારોનું મહત્વ સમજાવવા ઉત્સવો યોજવામાં આવ્યા છે.

**પ્રવાસ.** પ્રવાસ એ શિક્ષણનું મહત્વનું અંગ છે. એ દ્રષ્ટિએ પ્રત્યેક વર્ષે વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રદેશમાં યાત્રાર્થે લઇ જવામાં આવે છે. પહેલાં પાટણ, શંખેશ્વર, મલ્લીનાથ, અમદાવાદ, તારંગા તથા આબુ લઇ જવામાં આવ્યા હતા. છેલ્લા વર્ષમાં મુંબઇ, પાલીતાણા, જુનાગઢ, વણથલી, ભાવનગર લઇ જવામાં આવ્યા હતા.

**આય-વ્યય.** ગુરૂકુળ ફંડમાં એક લાખનું સ્થાયી ફંડ છે તેમજ ૫૪૦૦૦) સ્થાયી નિર્વાહ ફંડમાં છે. જેનું વ્યાજ માત્ર વપરાય છે. સાધારણ ચાલુ ફંડમાં ૧૧૦૦૦) છે. તેમજ બીલ્ડીંગ ફંડમાં ૧૯૦૦૦) છે. પ્રત્યેક વિદ્યાર્થી દીઠ માસિક ભોજનના ૧૦) કપડાના ૨) અભ્યાસ પાછળ (સ્કૂલ ખર્ચ) ાા પુસ્તકો સ્ટેશનરી, ૧) ઉદ્યોગ પાછળ ૦ાા, દવાના ૦ાા, સરસામાન ૦ાા, પ્રવાસના ૨), પોસ્ટ ૦)≈,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીવાબતી ૦)॥, તથા પરચુરણ ૦।=, મળી માસિક એક વિદ્યાર્થી દીઠ ૨૫) ખર્ચ આવે છે. ૧૯૨૯ માં સ્થાયી ફંડમાં ૧૦૦૦૦) ચાલુ સાધારણમાં ૭૪૦૦) વ્યાજના ૮૮૦૦) ચાલુ નિર્વાહમાં ૫૦૦૦) ની આવક થઇ. હજુ જમીન લેવાની છે. મકાનો બનાવવાના છે. વિદ્યાર્થીઓ વધતા જાય છે. સમાજસંસ્થાને પ્રસંગે પ્રસંગે યાદ કરે.

આ ચાર વર્ષના બાળક ગુરૂકુળનો પ્રગતિ અને પ્રવૃત્તિનો ટુંકો ઇતિહાસ—ચાર વર્ષમાં હજુ તો માત્ર શરીર બંધાયું છે. હજી સુવ્યવસ્થા, સુયારૂ સંચાલન વિકાસ અને ઉદ્દેશ્ય પૂર્ત્તિના અનેક કાર્યો બાકી છે. દાનવીરો દાનનાં ઝરણાં વહેવરાવે તો આ સંસ્થા જૈન સમાજનું ભૂષણ બની રહેશે.

## બ્રહ્મચર્યના લાભો.

**मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्टवत् ॥**
**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥**

પરસ્રી માત તુલ્ય સમજે, પરદ્રવ્ય ધૂળના ઢેફાસમ સમજે, સર્વે પ્રાણી માત્રને આત્મા સમાન જ લેખે તેજ ખરો જ્ઞાની અને તેજ ખરો વિવેકી જાણવો.

**शीलं सर्वांग भूषणं**—જે મનુષ્યમાં આ ભૂષણ નથી તે ભલે ઉદાર હોય, ધનાઢ્ય હોય, અધિકારી હોય—પણ તે ભૂષણ રહિત છે. એમ નક્કી જાણવું માટે શીયળ ભૂષણ અંગીકાર કરો. સ્રીઓથી સર્વાંશે દૂર રહેવાય તે તો ઘણું જ ઉત્તમ છે છતાં ગૃહસ્થોને તે હદ સુધી પહોંચતાં જેટલો વખત લાગે ત્યાંસુધી સ્વદારા સંતોષ અથવા એકજ પત્નીવ્રત તો અવશ્ય હોવું જોઇએ.

**શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય** મહારાજે યોગશાસ્રમાં ચતુર્થવ્રત અધિકારમાં સ્રીને સર્પણીની ઉપમા આપી છે, કેમકે ગામાન્તરે જતાં સર્પણી સામી આવી કે આડી ઉતરી હોય તો અપશુકન થાય છે, કાર્ય સફળ થવા બદલે વિઘ્નરૂપ થાય છે; તેવી જ રીતે મોક્ષ નગરે જતાં સામે જ ઉભેલી સ્રીરૂપી સર્પણી અપશુકનરૂપ છે મોક્ષમાર્ગે જતાં અટકાવનારી છે. સુદર્શન શેઠ જેવા મહાપુરૂષોના અને સીતા જેવી મહા સતીઓના ચરિત્રો અહોનીશ સ્મરણમાં રાખો કે જેથી આલંબનો ઘણા જ ઉપયોગી થાય.

બ્રહ્મચર્યથી શારિરિક આરોગ્યતા સારી સચવાય છે, વળી આરોગ્યતાની ઘણી ચાવીઓ છે તેમાં પણ તેની મુખ્ય ચાવી બ્રહ્મચર્ય છે. સારી હવા, સારૂં પાણી, સારો ખોરાક વિગેરેથી આપણે આરોગ્ય મેળવી શકીએ, પણ જેટલો પૈસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમાઇએ તેટલો ઉડાવીએ તો પાસે પુંજી શી રહેવાના છે ? માટે સ્ત્રી અને પુરૂષ બન્નેને આરોગ્યરૂપી ધન સાચવવાને સારૂ ખરીરીને બ્રહ્મચર્યની સંપૂર્ણ જરૂર છે.

બ્રહ્મચર્ય એટલે શું તે સવાલ થશે ? તો સ્ત્રી પુરૂષ એક બીજાને વિષયની ઇચ્છા એ સ્પર્શ ન કરવો એટલું જ નહીં, પણ એ બાબત વિચાર પણ નહીં લાવવો એ બાબતનું સ્વપ્નું પણ ન હોવું જોઇએ.

ઘડપણમાં બુદ્ધિ મંદ થવાને બદલે તેજ થવી જોઇએ, આ દેહે મેળવેલો અનુભવ આપણને તથા બીજાને ઉપયોગી થઇ શકે એવી આપણી સ્થિતિ રહેવી જોઇએ. જેઓ બ્રહ્મચર્ય પાળે તેની તેવી અવશ્ય સ્થિતિ રહે છે. તેને મરણનો ભય નથી અને મરણ સમયે પણ ઇશ્વરને ભૂલતો નથી, તે ખોટાં વલખાં મારતો નથી અને ચાળા કરતો નથી. તે હસમુખે ચહેરે આ દેહને છોડી દૈવને પોતાનો હિસાબ આપવા જાય છે. આમાં શીલધારી જે પુરૂષ કે સ્ત્રી મરે તેઓએ જ ખરૂં આરોગ્ય જાળવ્યું અને જીવન જીવ્યું ગણાય. આપણે સાધારણ રીતે વિચાર કરતા નથી કે આ જગતમાં મોજ મજા, અદેખાઈ, મોટાઇ, આડંબર, ગુસ્સો, અધિરાઈ ઝેર વિગેરેનું મૂળ આપણે બ્રહ્મચર્યનો ભંગ કરીએ છીએ તેજ છે.

કેટલાક કહે છે કે આવું બ્રહ્મચર્ય પાળનારને કોણ જુએ છે ? આવું બ્રહ્મચર્ય બધા પાળે તો દુનીયાનું સત્યાનાશ વાળે, તો આ બન્ને સવાલનું મૂળ આપણી બીક અને કાયરતા છે. આપણે બ્રહ્મચર્ય પાળવા માગતા નથી, એટલે તેમાંથી નીકળી જવાનું બહાનું શોધીએ છીએ. બ્રહ્મચર્ય પાળનારા આ દુનીયામાં ઘણાએ પડ્યા છે, પણ તેને શોધતાં તુરત જ મળતાં હોય તો તેનું મુલ્ય પણ શું હોય ! હીરાને મેળવતાં પૃથ્વીના આંતરડામાં હજારો મજુરોને ગોંધાઇ રહેવું પડે છે, અને ત્યારપછી પણ પર્વત જેટલી કાંકરીઓમાંથી એક મુઠી જેટલા હીરા માંડ માંડ હાથ આવે છે; ત્યારે બ્રહ્મચર્ય પાળનારા હીરાને શોધવાને સારૂ કેટલો પ્રયત્ન કરવો જોઇએ ? હવે ઉપરના વિચારો જંજાળી માણસો કેમ અમલમાં મૂકી શકે ? સરસમાં સરસ શું છે તે જોવું અને તેનો નમુનો આપણી પાસે રાખીયે તો પછી તેની તેવીજ કે ઉતરતી નકલ કરી શકીએ. બાળક પાસે અક્ષર લખાવીએ ત્યારે સારામાં સારા અક્ષરનો નમુનો તેની પાસે મૂકીશું તો બાળક તે ઉપરથી પોતાની શક્તી પ્રમાણે પુરી કે અધુરી નકલ કરશે; તેમજ આપણે અખંડ બ્રહ્મચર્યનો નમુનો આપણી સામે રાખી તેની નકલ કરવા મથી શકીએ તેમ છીએ. પરણ્યા એટલે શું ? કુદરતી કાયદો તો એ છે કે જ્યારે સ્ત્રી–પુરૂષને પ્રજાની ઇચ્છા થાય ત્યારે જ તેઓ બ્રહ્મચર્યને તોડે. આમ વિચાર પૂર્વક કોઇ જોડું વર્ષે કે ચાર પાંચ વર્ષે એક વેળા બ્રહ્મચર્ય તોડે અને ગાંડા નહી બને તો તેઓની પાસે વીર્યરૂપી પુંજી ઠીક એકઠી રહી શકશે. ભાગ્યેજ એવાં સ્ત્રી પુરૂષ આપણાં જોવામાં આવશે જેઓ માત્ર પ્રજાની ઉત્પત્તિને ખાતર જ કામભોગ કરતા હોય. બાકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજારો માણુસો તો નિરંતર કામભોગ ભોગવે છે, ઇચ્છે છે, અને કરે છે તેનું પરિણામ એ આવે છે કે તેઓની ઇચ્છા વિરૂદ્ધ પ્રજા ઉત્પન્ન થાય છે. આ વિષયભોગ ભોગવતાં આપણે એટલાં આંધળા ભીંત બનો જઇયે છીએ કે, સામેનો વિચાર જ કરતા નથી. આમાં સ્ત્રી કરતાં પુરૂષ વધારે ગુન્હેગાર છે. પોતાના ગાંડાપણુમાં સ્ત્રીની નબળાઇ, પ્રજાનો ભાર ઉપાડવાની, તેને ઉછેરવાની તેનામાં તાકાદ છે કે નહીં તેનો ખ્યાલ પણ રહેતો નથી. પણ આપણે આપણી સ્ત્રીઓ ઉપર બોજો લાદતાં આપણે ઘડીભર વિચાર કરતા નથી અને આપણી પ્રજા નબળી વીર્યહીન, બાયલી, અને બુદ્ધિહીન થાય તેની દરકાર પણ રાખતા નથી. તુરત વાવેલા ઝાડમાં ફળ થાય તો તે નબળું હોય છે એમ આપણે જાણીએ છીએ. તે ઝાડને ફળ ન બાજે એવા આપણે ઈલાજ લઇએ છીએ; છતાં બાળક વરથી બાળક સ્ત્રીને પ્રજા ઉત્પન્ન થાય અને આપણે તે આનંદ માનીયે એ તો ભીંત ભૂલવા જેવું થયું. હિંદુસ્તાનમાં અથવા તમારા કુટુંબમાં નમાલાં નબળાં બાળકો કીડીની માફક ઉભરાય તેથી હીંદુસ્તાનનો કે દુનિયાનો કે તમારા કુટુંબનો શો ઉદ્ધાર થઇ શકે? પશુઓ આપણા કરતાં સારા છે. જ્યારે તેઓને પ્રજા ઉત્પન્ન કરવી હોય ત્યારે જ નરમાદાનો મેળાપ થાય છે. મેળાપ પછી ને ગર્ભકાળ તથા જન્મ પછી બચ્ચું ધાવણ છોડી મોટું થાય ત્યાંસુધીનો કાળ તદ્દન પવિત્ર ગણાવો જોઇએ. પુરૂષે તથા સ્ત્રીએ તે કાળ દરમીયાન તો બ્રહ્મચર્ય પાળવું જ જોઇએ, તેને બદલે આપણે ઘડીભર વિચાર કર્યા વિના આપણું કાર્ય કર્યે જ જઇએ છીએ આવાં રોગી મન આપણાં છે. એનું નામ અસાધ્ય રોગ. એ આપણને મોતની મુલાકાત કરાવે છે, અને મોત થતું નથી ત્યાંસુધી ઘેલા માણુસની માફક જ્યાં ત્યાં ભમ્યાં કરીએ છીએ. પરણેલા સ્ત્રી પુરૂષોની ખાસ ફરજ છે કે તેઓએ પોતાના વિવાહનો ખોટો અર્થ નહીં કરતાં શુદ્ધ અર્થ કરી જ્યારે ખરેખર પ્રજા ન હોય ત્યારે તે માટે મર્યાદિત કામભોગની ઈચ્છા કરવી.

આપણી દયામણી દશામાં આમ કરવું બહુ મુશ્કેલ છે. આપણો ખોરાક, આપણી રહેણી કરણી, આપણી વાતો, આપણી આસપાસના દેખાવો, એ બધાં આપણી વિષય વાસના જાગૃત કરે છે, જેઓ વિચાર કરી તે કરવું જોઇએ તે કરવાનો પ્રયત્ન કરવા તૈયાર હોય તેને સારૂ આ લખાણુ છે. અને જેઓ પોતાની કંગાલ દશાને જોઇ શકયા છે ને તેથી કંઇક ભાગે કંટાળ્યા છે તેને સહાય કરવાનો આ લખાણુનો હેતુ છે.

વીર્યનું જતન કરવાને સારૂં સ્વચ્છ હવા સ્વચ્છ પાણી સ્વચ્છ ખોરાક, અને સ્વચ્છ વિચારની પુરી જરૂર છે. આમ નીતિનો આરોગ્યની સાથે ઘણો નિકટ સંબંધ છે. સંપૂર્ણ નીતિવાન જ સંપૂર્ણ આરોગ્ય મેળવી શકે છે. માટે જાગ્યા ત્યાંથી સવાર સમજી ઉપરનું લખવું ખૂબ વિચારી જેઓ તે સુચના અમલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકશે તેઓને પ્રત્યક્ષ અનુભવ થશે થોડી મુદત જેણે બ્રહ્મચર્ય પાળ્યું હશે તે પણ પોતાના મનનું વધેલું બળ અને શરીરનું બળ એ બન્ને જોઈ શકયા હશે, અને એક વખત જો તેના હાથમાં પારસમણી આવશે તો તેને જીવની સાથે જતન કરી સાચવશે, જરાએ ચુકશે તો તરત જોઇ લેશે કે તેણે મોટી ભૂલ કરી છે.

જેઓ અખંડ બ્રહ્મચર્ય પાળી શકયા છે તેઓનું શારીરિક. માનસિક, નૈતિક બળ જેણે જોયું હોય તેજ વિચારી શકે–તેનું વર્ણન કરી શકે. આ પ્રકરણમાં પરણેલાને–પુરૂષ તથા સ્ત્રીને બ્રહ્મચર્ય પાળવાની સલાહ આપવામાં આવી છે.

હવે પરણેલાને બ્રહ્મચર્ય પાળવાનો ઉપાય બતાવી આ લખાણ બંધ કરીએ. ખોરાક હવા અને પાણીના નિયમો જાળવ્યાથી પરણેલા માણસો બ્રહ્મચર્ય જાળવી શકે છે, અને એ પ્રમાણે જો ન જાળવી શકે તો તેઓએ પોતાની સ્ત્રી સાથેની એકાંત તજવી જોઇએ. વિચાર કરતાં દેખાય છે કે સ્ત્રીની સાથે વિષય ભોગવવા સિવાય એકાંતની જરૂર હોય નહિ. રાત્રે સ્ત્રી પુરૂષોએ જુદી ઓરડીમાં સુવું જોઇએ. દિવસના ભાગમાં બન્નેએ સારા ધંધામાં અને સારા વિચારોમાં રોકાયેલા રહેવું જોઇએ. પોતાના સુવિચારને ઉત્તેજન મળે તેવા ઉત્તમ પુસ્તકો વાંચવા, તેવા પુરૂષોના ચરિત્રો વાંચવા અને ભોગમાં તો દુ:ખ જ રહ્યું છે એ વિચાર વારંવાર કરવો. બ્રહ્મચર્યનું સતત પાલન કરનારે નીચેના નિયમોનું પાલન કરવું.

અલ્પ આહાર કરવો, આહારમાં પણ મશાલા, બહુ ઘીવાળા તળેલા, અને મીઠાઇઓનો અને માદકપદાર્થો આદિનો ત્યાગ કરવો જોઇએ અને મદિરાપાન તો કરાય જ નહિ. પણ અનેક પ્રકારના પીણાં ચા, કાવો, કાઢો વગેરે દવા તરીકે જ પીવાય. હંમેશાં પીવાય નહીં. ભારે ખોરાક તો નજ ખવાય. રાત્રીભોજનનો ત્યાગ કરવો. ભુખે પેટે સુવું, તેથી છેલ્લું ભોજન હમેશાં હલકું ખાવું, શૃંગારના પુસ્તકો ન વાંચવા, તેવી વાતો ન કરવી અને ન સાંભળવી. સ્ત્રી માત્ર બેન સમાન સમજી કદી તેની તરફ તાકીને ન જોવું. આ સુંદર છે આ સુંદર નથી તેવો વિચાર સરખો પણ ન કરવો. હવે મનુષ્યોએ પણ બ્રહ્મચારી થવું જોઇએ. કહ્યું છે કે ઉત્કૃષ્ટ શ્રાવક સચિત્ત આહારને વર્જનાર, એકાસણે ભોજન કરનાર; તેમજ બ્રહ્મચારી જ હોય છે માટે બ્રહ્મચર્યનું પાલન કરવું. વળી ભગવાને કહ્યું છે કે—

મૈથુન સંજ્ઞામાં આરૂઢ થયેલ પ્રાણી નવ લાખ સુક્ષ્મ જીવોને હણે છે એમ તીર્થંકર ભગવાને કહ્યું છે, માટે એ કથનને આદર પૂર્વક શ્રદ્ધાથી માનો.

ભગવતીના અંગના બીજા શતકના પાંચમાં ઉદ્દેશામાં કહ્યું છે કે "મૈથુન સેવનારથી કેવો અસંયમ થાય ? તો હે ગૌતમ ! તે જેમ કોઈ પુરૂષ રૂની ભરેલી વાંસની નળી અથવા બરૂની નળી હોય અને પછી તપાવેલા કનકવડે અથવા લોઢાની સળીવડે ખુબ ઘર્ષણ કરે. ગૌતમ એવી રીતે મૈથુન સેવનારથી અસંયમ કરાય છે. હવે સ્ત્રી–પુરૂષના સંયોગથી ઉત્પન્ન થતા અસંખ્યાતા સમુર્છિમ પંચેંદ્રિય મનુષ્યો હણાય છે. તે કહે છે કે સ્ત્રી પુરૂષના મૈથુનથી અસંખ્યાતા પંચેન્દ્રિય સમૂર્છીમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મ–વિશ્વાસ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ, બી. એ.

( ગતાંક પૃષ્ઠ ૨૭૦ થી શરૂ. )

સંશયથી જ આપણી કાર્ય સંપાદિકા શકિત પાંગળી બની જાય છે. કોઇપણ કામ કરવા પહેલાં મનુષ્યને એટલો વિશ્વાસ જરૂર હોવો જોઇએ કે હું આ કાર્ય અવશ્ય કરી શકીશ. જ્યાં સુધી સંશયનો લેશ પણ એનામાં હશે ત્યાં સુધી તે પોતાનાં કાર્યમાં સંપૂર્ણ સફળતા નહિ જ મેળવી શકે. જે મનુષ્યનો ઉદ્દેશ આત્મ-વિશ્વાસ તથા મહાન્ અભિલાષાથી ભર્યો હોય છે તેનો તો જ્યાં સુધી પોતાનો ઉદ્દેશ પુરેપુરો પાર પડતો નથી ત્યાં સુધી ચેન પડતું નથી–સંતોષ થતો નથી. એવા મનુષ્યોના માર્ગમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવી પડશે તો પણ તે અદ્ભુત સફ-લતા પ્રાપ્ત કરવાનો.

હું જાણું છું કે જે લોકોએ સંસારમાં અદ્ભુત સફળતા પ્રાપ્ત કરી છે તેઓ હંમેશાં એમ જ માનતા હોય છે કે અમારા પાસા હંમેશાં સીધા જ પડશે, કદિ પણ અવળા નહિ પડે. પોતાના ઉદ્દેશનો માર્ગ તેને ગમે તેટલો કંટકકીર્ણ અને અન્ધકારમય જણાતો હોય તો પણ તેઓમાં એટલી બધી દ્રઢ આશા અને વિશ્વાસ હોય છે કે અમને અમારો ઉદ્દેશ પ્રાપ્ત કરવામાં જરૂર સફલતા મળશે જ. એ રીતે આશામય મનોભાવ રાખવાથી તેઓ સફળતાના તત્વને પોતાની તરફ ખેંચી રહ્યા હોય છે.

આપણી શકિતઓને આપણે જેવો હુકમ કરશું તેવું જ કામ તે કરશે. જો આપણે તેની પાસેથી ઘણું માગીએ અને એવી આશા રાખીએ કે તે શકિતઓ આપણને અવશ્ય મદદ કરશે જ તો જરૂર તેઓ આપણા મનોરથો સફલ કરવામાં મદદ કરવાની.

---

મનુષ્યો ઉત્પન્ન થાય છે, એમ જિનરાજ સમસ્ત અંગોના વિસ્તારથી મનોહર પ્રજ્ઞાપના ઉપાંગમાં કહે છે. બીજું કામી વિષયાર્ત મનુષ્યોને સત્યવાદીપણું સંભ-વતું નથી. એક સકળજન પ્રસિદ્ધે વળી કહ્યું છે કે વણીક, વેશ્યા, ચોર, જુગારી પરસ્રીલંપટ, દ્વારપાળ અને નાસ્તિક એ સાત અસત્યના મંદિર છે.

સર્વવ્રતમાં બ્રહ્મચર્યવ્રત મુખ્ય છે. નવ વાડોથી તેનું રક્ષણ કરવાનું છે, તેમ કરતાં સુદર્શન શેઠ વગેરે પુરૂષો, સીતા, ચંદનબાળા વિગેરે સ્રીઓના નામો સુવર્ણાક્ષરે શાસ્રમાં અંકીત થયા છે અને મોક્ષ પામેલ છે જેથી ઉપરના લેખમાંથી ગ્રહણ કરી બને તેટલો પ્રયત્ન બ્રહ્મચર્ય સેવન માટે મુમુક્ષુ આત્માએ કરવો. **એક મુનિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી માનસિક શકિતઓ આપણા આત્મવિશ્વાસ તથા ધૈર્ય ઉપર નિર્ભર રહેલી છે. તેઓ આપણી કાર્યકર ઇચ્છા શકિતને પુરેપુરી આધીન છે. એટલા માટે જો આપણી ઇચ્છાશકિત શિથિલ અને નબળી હશે તો આપણી માનસિક શકિતઓનું કાર્ય પણ એવું જ બનશે. આપણા આત્મવિશ્વાસ તથા ધૈર્યમાં શિથિલતા આવે છે કે તરતજ આપણી કાર્યસંપાદિકા શકિતમાં પણ નબળાઇ આવી જાય છે.

મારા માટે બધું સારૂં જ થશે એમ માનવા કરતાં મનુષ્યના જીવનને માટે બીજી કોઈ વધારે સારી વાત નથી એમ મારૂં ચોક્કસ માનવું છે. પ્રત્યેક મનુષ્યે હમેશાં એમજ માનવું કે હું જે કોઇ કાર્ય હાથમાં લઇશ એમાં મને અવશ્ય સફલતા જ પ્રાપ્ત થશે.

અનેક મનુષ્યો એવી દુરાશા ધારી બેઠા હોય છે કે અમને કદિપણ સફલતા નહિ મળે, અમારૂં નશીબ પ્રતિકૂળ છે. તેઓના માનસિક ભાવ સફળતા–વિજયને અનુકુળ નથી હોતા. તેઓ અસફળતાના જ પરમાણુને પોતાની તરફ ખેંચી રહ્યા હોય છે. સફલતા અથવા વિજય પ્રથમ તો મનમાં જ ઉત્પન્ન થાય છે. જો આપણું મન શંકાશીલ વિચારોથી ભરેલું હશે તો એનું પરિણામ પણ એવું જ નિરાશાજનક આવશે. વિજયમાળા પહેરવા માટે અવિચળ શ્રદ્ધાની અત્યન્ત આવશ્યકતા છે. ઘણા માણસોની સ્વાભાવિક પ્રવૃત્તિ વિજય તરફ જ ઝુકી રહેલી હોય છે. તેઓ તો દિવસ રાત વિજયના સ્વપ્ના સેવી રહ્યા હોય છે. તેઓની દ્રષ્ટિમાં સફલતા પ્રકાશી રહેલી હોય છે. તેઓને એવી ટેવ જ પડી ગઇ હોય છે કે તેઓ વિજય–સફલતાના વિશ્વાસપૂર્વક જ કોઇ પણ કાર્ય શરૂ કરે છે અને તેની અંદર અદ્‌ભુત સફલતા પ્રાપ્ત કરે છે.

ઘણા મનુષ્યો મધ્યમ સ્થિતિમાં પડયા રહે છે એનું કારણ એ છે કે તેઓ પોતાના માર્ગમાં નડનાર મુશ્કેલીઓનો નિરંતર ખ્યાલ કરનાર હોય છે. એમ કરવાથી તેઓનું મન ભાંગી જાય છે. તેઓ સાહસ કર્મ કરવાને લાયક નથી રહેતા, તેઓની ઉત્પાદક શકિત નષ્ટ થઇ જાય છે. તેઓનું મન નિષેધાત્મક બની જાય છે આશા તથા આત્મ વિશ્વાસ જ એવી વસ્તુ છે કે જે આપણી શકિતઓને જાગ્રત કરે છે અને આપણી ઉત્પાદક શકિતમાં બમણો તમણો વધારો કરે છે.

જે મનુષ્ય ચારે તરફ વિઘ્નો અને મુશ્કેલીઓ જ જોયા કરે છે તેનું આત્મબળ નબળું પડી જાય છે અને તે કોઇપણ મહાન્ કાર્ય કરી શકતો નથી. તેનાં મગજમાંથી કોઇપણ નવા આવિષ્કારની સૃષ્ટિ ઉત્પન્ન નથી થતી. કેમકે તેની ઉત્પાદક શકિત ઉપર નિરાશામય કાળો પડદો પડી જાય છે તેમજ તે મનુષ્યની સંકીર્ણ દ્રષ્ટિને લઇને તે શકિત પ્રકાશિત નથી થઈ શકતિ. જો આપણે કદિ કોઈ એવા મનુષ્યને જોઇએ કે જે મહાન્ કાર્ય કરી રહ્યો હોય છે તો આપણે સમજી લેવું જોઇએ કે તે પોતાના માર્ગમાં આવનાર વિઘ્નો તથા મુશ્કેલીઓની સામે અતિશય વીરતાપૂર્વક થઈ રહ્યો હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેપોલીયનના જીવન ઉપરથી આપણને માલુમ પડે છે કે જ્યારે એ વીરપુરૂષના માર્ગમાં આલ્પ્સ પર્વત આવ્યો ત્યારે તેના સાથીઓએ તેને કહ્યું કે આ દુર્ભેદ્ય પર્વતને આપણી સેના કેવી રીતે ઓળંગી શકશે ? ત્યારે તે નેપોલીયને હસીને જવાબ આપ્યો કે એમાંથીજ માર્ગ કરવામાં આવશે.

બસ, પછી શીવાર ? કામ શરૂ કરી દીધું. આલ્પ્સ પર્વતમાં જ માર્ગ કરવામાં આવ્યો. કોઇપણ મનુષ્ય જરાપણ અચકાયા વગર કહી શકે એ બધું તે વીરપુરૂષના સાહસ અને આત્મવિશ્વાસનું પરિણામ હતું.

તેજ મનુષ્ય ખરેખરો મનુષ્ય કહેવડાવવાને અધિકારી છે કે જે પોતાનો આદર્શ પૂર્ણ કરવા માટે તન, મન, ધનથી લાગી જાય છે. મન, વચન કાયાને એક કરી નાખે છે. જે ભારપૂર્વક એમ જણાવે છે કે અસફળતા—અવિજય જેવી કોઇ વસ્તુજ નથી, જેને વિજય—સફળતા ઉપર સંપૂર્ણ આત્મ—વિશ્વાસ હોય છે.

આપણી અંદર એવી યોગ્યતા છે કે જેને લઇને મહાન્ કાર્યો કરી શકાય છે, તેથી જો આપણને એવી શ્રદ્ધા હોય કે આપણે મોટા મોટા કાર્ય કરી શકશું તો જરૂર આપણને સફલતા મળશેજ.

શ્રદ્ધા અને વિશ્વાસને એટલા માટે જ ઉત્પન્ન કરવામાં આવ્યા છે કે તેઓ આપણને પડતા બચાવી લેવા માટે આપણા હાથ પકડે, આપણને મુશ્કેલીના વખતે ધૈર્ય તેમજ આશ્વાસન આપે. દરિયામાં તોફાનેને વખતે નાવિકને દિગ્દર્શન યંત્ર જેટલું ઉપયોગી છે તેટલાજ તે મનુષ્યને ઉપયોગી છે. જેવી રીતે ઘોર તોફાન વખતે પણ નાવિકને એ યંત્રને લઇને એટલું આશ્વાસન રહે છે કે ગમે તેટલું તોફાન હશે, સમુદ્રમાં ગમે તેટલો અંધકાર હશે તો પણ એ યંત્રની સલાહથી હું સાચી દિશા શોધી કાઢીને નિર્દિષ્ટ સ્થળે પહોંચી શકીશ, એવી રીતે જે મનુષ્યમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ હોય છે તેને એટલું અભિમાન રહે છે કે ગમે તેટલી મુશીબતોના પર્વતો મારા માર્ગમાં આવશે તોપણ મારામાં એવી શકિત રહેલ છે કે જેની મદદથી હું મારો માર્ગ સાફ કરી શકીશ.

જે માણસ શકિતવાન હોય છે, આત્મવિશ્વાસ અને દઢાગ્રહી હોય છે, જે એમ માને છે કે સંસારમાં એવો કોઇ પદાર્થ નથી, એવી કોઇ વિપત્તિ નથી, કે જે મારી શકિતની સામે થઈ શકે. કાયર મનુષ્ય જ એનાથી ડરે છે, માર્ગમાં એને જોઇ પદભ્રષ્ટ થઇ જાય છે, પરંતુ હું તો એના ઉપર પુરેપુરો વિજય મેળવી શકીશ' એવા માણસને માટે દુનિયા પોતે માર્ગ કરી આપે છે. તમારા માથે જવાબદારી લેતા જરા પણ ન ગભરાશો. એટલો ચોક્કસ વિચાર રાખો કે જે જવાબદારી તમારા માથે પડશે તેનાથી તમે બીજા મનુષ્યોને ઠીક નભાવી શકશો. ધારો કે તમને કોઇ ઉંચી જવાબદારીની પદવી મળવાની છે, તમે તે લેતાં ગભરાઓ છો, તમે એમ ઇચ્છો છો કે એ પદવી આગળ ઉપર લેવા લાયક છે, હમણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. તો કહો કે એમાં તમને શો લાભ થવાનો ? જો તમે તે સ્વીકારી લેશો અને સારી રીતે તે ચલાવી લેશો તો ધીમે ધીમે તે વસ્તુ તમને ટેવરૂપે થઇ જશે અને તમને તેનો જરાપણ બોજો નહિ જણાય. તેમજ તેનાથી તમારી ઉચ્ચ પદવી સ્વીકારવાની યોગ્યતા વધી જશે અને સહજ સ્વભાવથી તમે જબરજસ્ત જવાબદારીનું કાર્ય કરી શકશો.

જે વસ્તુ તમારા માટે પરમ હિતકર છે તે ગમે તેટલી કઠિન કે અપ્રાપ્ય હોય તોપણ તે પ્રાપ્ત કરવા માટે તમે નિશ્ચય કરી લ્યો. તમને તે જરૂર પ્રાપ્ત થશેજ. એ પ્રકારના નિશ્ચયથી તમારૂં મનુષ્યત્વ વધશે. મોટાઇની આકાંક્ષા કરતાં ન ડરો. ખુલ્લા દિલથી એ પ્રકારની આકાંક્ષા કરતા રહો. જરૂર તમારામાં એવી શકિતઓ વિકસિત બનીને સહાય કરશે કે જેની તમને સ્વપ્નમાં પણ કલ્પના નહિ હોય, મોટાઇની મહત્વાકાંક્ષા કરવાથી આપણા આત્માની સર્વોત્કૃષ્ટ શકિતઓનો મહાન્ વિકાસ થાય છે એટલુંજ નહિ પણ તેઓ જાગૃત થઇ જાય છે.

હમેશાં તમારી જાતને સૌભાગ્યશાળી જ માનો. એમ કરવાની ટેવ પડવાથી જુઓ કે કેવું પ્રભાવશાળી ફળ આવે છે. એવી જાતની ટેવ પાડો કે જેને લઇને તમે જીવનના પ્રત્યેક અનુભવમાંથી શ્રેષ્ટતાની જ આશા રાખી શકો. લોકોમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરો કે તેઓ તમને સૌભાગ્યશાળી જ માને–તેઓને એવો જ ખ્યાલ થઇ જાય કે તમને દરેક કાર્યમાં યશ જ મળશે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ રૂઝવેલ્ટની લોકોમાં એવી ખ્યાતિ બંધાણી હતી કે તે જે કાર્ય હાથમાં લે છે તેમાં યશ જ મેળવે છે. એ પ્રકારની ખ્યાતિથી એ મહાનુભાવને બહુ જ લાભ થયો. મહાશય રૂઝવેલની એવી ખ્યાતિ હતી કે તે રાજ્ય કાર્યોમાં બહુજ કુશળ છે, અદ્વિતીય છે. તેને માટે મોટી આશાઓ રાખી શકાતી હતી. તે ગમે તે કાર્ય કરે, ગમે તે માર્ગે જાય તોપણ લોકોને એવા વિશ્વાસ હતો કે તે જરૂર વિજયી બનશે જ. આજાતના આશામય વિચારોના પ્રભાવથી મહાશય રૂઝવેલ્ટની કાર્યસંપાદિકા શક્તિને ઘણી મદદ મળતી હતી. તેની ઇચ્છા શકિત એ જાતના દિવ્ય જલસિંચનથી ખીલી ઉઠતી હતી, તેને એવો દઢ વિશ્વાસ હતો કે મારૂં જીવન મહાન્ કાર્યો કરવા માટે જ નિર્માયલું છે, તેથી મારે મહાન કાર્યો જ કરવાં જોઇએ. મારે દેશના સુખ, સમૃદ્ધિ તથા સભ્યતામાં વધારો કરવાના કાર્યમાં લાગી જવું જોઇએ. મારા હાથે જ એ કાર્ય થવું જોઇએ. આપણે કહી શકીએ કે તેની આત્મશ્રદ્ધાએ આખા દેશના વિશ્વાસને પોતાની તરફ ખેંચી લીધો. તેની સુકીર્તિની સુગન્ધ આજે અમેરિકાના પ્રત્યેક હૃદયને આનંદિત કરી રહી છે. હું જે કાંઇ ઇચ્છું તે કહી શકીશ એ જાતનો આત્મવિશ્વાસ તમારામાં જેટલો વધશે તેટલી તમારી કાર્યસંપાદિકા શકિત વધશે. તમે મોટાઇના વિચાર સેવો–જરૂર તમે મોટા થશો. ( સંપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કોણે દીઠી કાલ.

દોહરા.

કૈક ગયા કૈક જાય છે, કૈક થશે બેહાલ;
સુકૃત સાથે આવશે, કોણે દીઠી કાલ. ૧
ઠાઠમાઠ ઠાલો સહુ, દીપક ઝાક ઝમાળ;
તે પણ બુઝાઇ જશે, કોણે દીઠી કાલ. ૨
પંખી ટોળું વૃક્ષપર, હળી મળ્યું છે હાલ;
પ્રભાતમાં ઉડી જશે, કોણે દીઠી કાલ. ૩
પુષ્પ સુગંધ થકી બની, અનુપમ ફુલની માળ;
તે પણ કરમાઇ જશે, કોણે દીઠી કાલ. ૪
જાય છે તે તો જાય છે, સૌના એ જ હવાલ;
માન કહ્યું રે માનવી, કોણે દીઠી કાલ. ૫
સુકૃતના શા વાયદા, સુકૃત કરવું હાલ;
એક દિન એવો આવશે, કોણે દીઠી કાલ. ૬
પુત્ર પુત્રીને પ્રેમદા, પરંતુ રાખે વહાલ;
પણ સૌ સ્વારથના સગાં, કોણે દીઠી કાલ. ૭
દ્રષ્ટિ વિપર્યાસે તુંને, ભાસે સુખ રૂપ જાળ;
પસ્તાવો પાછળ થશે, કોણે દીઠી કાલ. ૮
નિશ્ચિંત કેમ બેસી રહ્યો, કાળ ઝડપશે કાલ,
જાગી જો રે જીવડા, કોણે દીઠી કાલ. ૯
ચાર ચોર ચોરી કરે, કરશે હાલ હવાલ,
લુંટારા લુંટી જશે, કોણે દીઠી કાલ. ૧૦
તે માટે સજ થઇ રહો, સાવચેત હુશિયાર;
ફાવે નહિ આવે નહિ, કોણે દીઠી કાલ. ૧૧
સ્વચ્છ વારિને પામવા, પાણી પેલાં પાળ;
રચવી રૂડી રીતથી, કોણે દીઠી કાલ. ૧૨
પુણ્ય-વારિને પામવા, સુકૃત્યરૂપી પાળ;
આખર કામે આવશે, કોણે દીઠી કાલ. ૧૩

**દફતરી નંદલાલ વનેચંદ.**
મોરબી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# શ્રી ગુરૂદેવ જયન્તિ મહોત્સવ.

( દોહરો )

જયન્તિ શ્રી ગુરૂદેવની, ઉજવીએ મળી આજ;
ગુણગાન કરી શેષ ગુણ, ગ્રહિયે નિજ હિત કાજ.

( જાગ મુઝ વ્હાલા બાળ—એ ચાલ. )

વંદન આજ કરીએ ભ્રાત ! સ્મરણ યોગ સારો;
ઉત્સવે જયન્તિને, ગુણ કેળવી સુધારો. વંદન૦
"આત્મારામ" અપર નામ, **વિજયાનંદ** જાનો;
વિરહ સૂરિ સમયમાં, પદ પ્રથમ ધર પિછાનો. વંદન૦
પદવી પ્રકર્ષ મેળવી, ગુણ તદનુયોગ કેળવી;
વિચરી વિવિધ દેશ, શ્રેષ્ઠ કીર્તિ જેણે મેળવી. વંદન૦
"શ્રી વિજયાનંદ સૂરીશ્વર છે," દીવ્ય દેહ ધારી;
મૂર્તિમાન દશ્ય સ્મરણ,—પથથી જો વિચારી. વંદન૦
જોડી ન જણાય આજ, એ સમી અનેરી;
સાધુતા સુધા રસી, દ્રવે યોગવિદ્ કેરી. વંદન૦
સ્યાદ્વાદનું સ્વરૂપ, સત્ય જે બતાવે;
"ષટ્દર્શનો" માં **જૈન**ની, વિશેષતા જણાવે. વંદન૦
શુદ્ધ સાદું સરલ જીવન, જાણુ અબાધિત જેનું,
આદર્શ જોડ અવર નહીં કો, ધરીએ ધ્યાન તેનું. વંદન૦
ગુણ ગ્રહણ રાજ ઉત્સવો, કરાય છે ઉમંગે;
તે વિના તો માત્ર જલસો, જાણો સહુ પ્રસંગે. વંદન૦
ગુણ ગાન શ્રી ગુરૂદેવના, કરતા ગુણી બનાવે;
"શ્રી આત્માનંદ" મંડળી, ગુણ **પ્રેમથી** પ્રકટાવે. વંદન૦

( **વેલચંદ ધનજી.** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**આ સભાનો ૩૪ મો વાર્ષિક મહોત્સવ—**

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ સુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ આ સભાએ ઉજવેલ જયંતી.**

આ સભાને ચોત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ પાંત્રીશમું વર્ષ બેઠતું હોવાથી દરવર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યાં હતાં.

૧ જેઠ શુદ ૭ મંગળવારના રોજ આ સભાના મકાન (આત્માનંદ ભવન) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું, ત્યારબાદ કલાક પછી નવવાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજ કૃત શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી ચતુર્વિધ સંઘે તેમાં ભાગ લીધો હતો. આ વર્ષગાંઠના દિવસે થતાં સ્વામીવાત્સલ્ય ( દેશબંધુઓ જેલ ભોગવી રહ્યા છે, દુઃખ વેઠી રહ્યા છે તેવે સમયે ) બંધ રાખી તેટલા ખર્ચના રૂપીયા સત્યાગ્રહ ફંડમાં આ સભા તરફથી અર્પણ કરવામાં આવેલ છે.

તેજ દિવસે સાંજે ક. ૬–૧૦ ની ટ્રેનમાં ( દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જયંતી જેઠ શુદ ૮ બુધવારના રોજ ઉજવવાની હોઇ )શ્રી સિદ્ધાચળજી (પાલીતાણા) સુમારે ચાળીશ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ બુધવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી આદીશ્વર પ્રભુના મંદિરમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ કૃત શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી. દેવગુરૂની સુશોભિત આંગી રચવામાં આવી હતી.

## પૂનામાં શ્રી આત્મારામજી મહારાજની ઉજવાએલી ૩૫ મી જયંતી.

પૂના જૈન કલબ તરફથી સ્વર્ગવાસી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદ-સૂરિશ્વરજીની ૩૫ મી જયંતી ( સ્વર્ગતિથિ ) મરહુમના પટ્ટધર આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિજીના પ્રમુખપણે ઉજવવામાં આવી હતી. જેઠ સુદિ ૮ ના મંગળ પ્રભાતે વેતાલપેઠની જૈન ધર્મશાળા શ્રાવક શ્રાવિકાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. આ પ્રસંગનો લાભ લેવા ફર્ગ્યુશન કોલેજના અર્ધમાગધી ભાષાના પ્રોફેસર “ સુરૂ ” સાહેબ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય જૈનેતર વિદ્વાનો પધાર્યા હતા. નવ વાગતાં બાલીકાઓએ પ્રભુસ્તુતિ કરી. પછી ગુરૂપૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રીએ ( પ્રમુખ સાહેબે ) મંગળાચરણ કરી કાર્યની શુરૂઆત કરવામાં આવતાં પુ૦ શ્રી રાજવિજય મહારાજે શ્રી આત્મારામજી-મહારાજનો દાખલો લઇને સમયાનુસાર વર્તવા માટે ભલામણ કરી હતી. પછી ભાઇ ચુનીલાલ વોરાએ બોલતાં જણાવ્યું હતું કે મૂર્તિપૂજા અત્યંત જરૂરી વસ્તુ છે દાખલા સહિત મૂર્તિપૂજાની જરૂર બતાવી હતી. ત્યારબાદ મુનિ ચરણવિજયજીએ ગુરૂદેવના જીવન-ચરિત્રના કેટલાક દાખલાઓ ઉપર સુંદર વિવેચન કર્યું હતું. પ્રોફેસરસુરૂએ બોલતાં જણાવ્યું હતું, કે “ શ્રી આત્મારામજી મહારાજ જૈનોમાં મહાન સત્પુરૂષ થઇ ગયા છે. એઓશ્રીની સ્તુતિ પાશ્ચાત્ય વિદ્યાનોએ મુક્ત કંઠે કરી છે. હોર્નલ સાહેબે શ્રી આત્મારામજી મહારાજને ઘણા વિકટ પ્રશ્નો પૂછ્યા હતા જેનો ઉત્તર આત્મારામજી મહારાજે સવિસ્તર શીઘ્ર આપ્યો હતો. અંતમાં પ્રોફેસરે જણાવ્યું કે જૈનોમાં જે મુનિસંસ્થા છે તેવી બીજા કોઇપણ ધર્મમાં નથી કારણ કે એવો ખડતર સંન્યાસ ધર્મ પાલવો બહુજ મુશ્કેલ હોય છે. જૈનોની મુનિ સંસ્થા જૈન સમાજને માટે ભૂષણાસ્પદ છે. અને તેને લઇનેજ શ્રી મહાવીરના સમયથી આજ સુધી જૈન ધર્મ બીજા ધર્મોની સામે ટકી રહ્યો છે. આ પ્રમાણે પ્રોફેસર સુરૂએ પોતાનું વક્તવ્ય પુરૂં કર્યા બાદ પોપટલાલ શાહે ગુરૂદેવના પવિત્ર ચરિત્ર ઉપર ટુંકમાં સુંદર વર્ણન કર્યું હતું. ત્યારબાદ શેઠ બાલુભાઈ પાનાચંદે પોતાનો પાલીતાણા ઉપર આપેલી આચાર્યપદવીનો પ્રસંગ જાતે અનુભવેલો કહી સંભળાવ્યો હતો. અનંતર પ્રમુખ સાહેબ આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિશ્વરજીએ નીચેનું સારગર્ભિત મનોહર બોધપ્રદ શૌર્યતા ભરેલું વ્યાખ્યાન આપ્યું હતું. જે જગ્યાએ જે મહાપુરૂષની જરૂરીયાત હોય છે, તે જગ્યાએ તેની યોજના કેવી રીતે થાય છે તે કહી શકાતું નથી. પંજાબની તે વખતની હાલત જોતાં પૂજ્ય આત્મારામજી મહારાજની જ ત્યાં જરૂરીયાત હતી એમ કહેવું પડે છે અને તે જરૂરીયાત અકલ્પિત રીતે પૂરી પડી. મહારાજનો જન્મ નથી કોઇ પોરવાડને ત્યાં કે ઓશવાલને અગ્રવાલને કે દશાશ્રીમાલી આદિને ત્યાં. તેઓશ્રી તો બ્રહ્મક્ષત્રિય કુલમાં જન્મ્યા અને તેથી જ યુગપુરૂષ બન્યા.

પંજાબમાં તે વખતે સર્વત્ર સ્થાનકવાસીઓનો જ અડ્ડો જામ્યો હતો તેથી કરીને મહારાજશ્રી ઉપર પ્રારંભમાં તે પંથની જ અસર થઇ. કેટલાક વર્ષો તે અવસ્થામાં ગાળ્યા બાદ તેઓશ્રીને સત્યમાર્ગનું ભાન થયું. અને તેઓશ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર સાધુ બન્યા. જ્યારે તેઓશ્રીએ એમ કર્યું ત્યારે સ્થાનકવાસીઓ ચીડાયા અને તેઓશ્રીનો બહિષ્કાર કર્યો. આહાર ન આપવો પાણી ન આપવું રહેવાનું સ્થાન ન આપવું આવી સખ્ત ઉદ્દઘોષણા સ્થાનકવાસીઓએ જાહેર કરી, પરંતુ સત્યની ખાતર તેઓશ્રીએ બધો ત્રાસ સહન કરી પોતાની અટલ શ્રદ્ધાપર મક્કમ રહી પોતાનો સત્યમાર્ગ હમ્મેશને માટે પંજાબમાં ખુલ્લો કરી દીધો. હાલમાં ગાંધીજીના સત્યાગ્રહ ઉપર જે સિતમ ગુજારવામાં આવે છે પ્રાય તેવી જ રીતે ત્યારે શ્રી આત્મારામજી મહારાજ ઉપર ગુજારવામાં આવ્યો હતો. જે લોકોનો અડ્ડો જામ્યો હોય છે તે એકદમ છોડી મૂકે એમ કેવી રીતે થાય ? પણ અંતે તો સત્યનો જ જય થાય છે અને એટલા માટે જ આજે પંજાબમાં પંદર હજાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોની વિશાલ સંખ્યા આપણે જોઇ શકીયે છીએ. આચાર્યશ્રીએ પંજાબ ઉપર ઘણા ઉપકાર કર્યો છે. માટે બીજા પ્રાંતોની બાબતમાં હોય કે ન હોય પરંતુ પંજાબની બાબતમા તો નિઃસંદેહ આચાર્ય શ્રી યુગપુરૂષજ છે. તેઓશ્રીએ 'સ્વ. વીરચંદ ગાંધીને વિલાયત અને અમેરીકા ધર્મપ્રચાર કરવા માટે મોકલ્યા. ખૂદ પોતાને ધર્મપ્રચાર કરવાની અને ગ્રન્થ લેખનની ઘણીજ ધગશ હતી. તેઓશ્રીએ જે " અજ્ઞાનતિમિર ભાસ્કર " લખ્યું હતું તેમાંના કેટલાક ઉદ્દગારો તે વખતના શ્રાવકો પચાવી પણ નહી શકયા હતા કોઇ તે ગ્રન્થ છપાવવા માટે પણ તૈયાર થવા ઘબરાતા હતા. આચાર્યશ્રીએ કહ્યું કે લેખક તરીકે મ્હારા ઉપર આપતિ આવશે. તમોને ઘબરાવવાનું શું કારણ છે ? ત્યારે તે ગ્રન્થ છપાવવામાં આવ્યો. પરદેશી વિદ્વાનોને જૈન સંબંધી ગ્રન્થ સાહાય્ય આપવાની ઉદારતા પહેલ પ્રથમ આજ આચાર્યશ્રીએ કરી હતી. પ્રાચીન ગ્રન્થોનું સંશોધન કરવાની તેઓશ્રીને એટલી તાલાવેલી હતી કે એક વખતે શ્રી શાંતમૂર્ત્તિ શ્રી હંસવિજયજી મહારાજે જેસલમેરથી ચોમાસા માટે પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું કે અહીંના ગ્રન્થભંડારો બહુજ પ્રાચીન છે તે પડયા પડયા સડી રહ્યા છે જો આપની મરજી હોય તો આ ચોમાસું કરવાની આજ્ઞા આપો " આના ઉત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે એક ચોમાસું તો શું પરંતુ હું આવા કામને માટે બાર વર્ષ રહેવાની રજા આપું છું. સજ્જનો ! કેટલી ઉદાર ભાવના ? કેટલો પ્રેમ ? આચાર્યશ્રી હમણાં હોત તો શ્રી સંઘની જે હાલત તમો અમો હાલમાં જોઇ રહ્યા છીએ તે થાત ખરીકે ? કદાપી નહી. તેમજ હાલમાં જે હિલચાલ ચાલી રહી છે તેમાં પણ તેઓના ક્ષાત્ર તેજની ઝલક આપણને માલમ પડી આવત. પરંતુ કુટીલ કાલની ગતિ વિચિત્ર હોવાથી આચાર્યશ્રી પોતાની પુરા સાઠ વર્ષની જીંદગી પૂર્ણ કરી જેઠ શુદી આઠમના રોજ આ તોફાની દુનીયાનો ત્યાગ કરી સ્વર્ગસ્થ થયા આ સંસારમાંથી અદશ્ય થઇ ગયા. આચાર્યશ્રીજીની ઘણી આશાઓ અધુરી રહેલી છે તે પૂરી કરવાનું કામ અમારૂં તમારૂંજ છે. આજકાલની હિલચાલમાં જે વીરપુત્રો સામેલ થએલા છે તેઓના માટે આજના શુભ દિવસે થોડું ફંડ એકત્ર કરવામાં આવે તો આ જયંતી ઉજવવાની સાર્થકતા ગણાય. આ પ્રમાણે આચાર્યશ્રીજીએ પોતાનું વ્યાખ્યાન પુરૂં કર્યું હતું. અંતિમ માંગલિક સાંભળીને શા. ચુનીલાલ વાઘમલજી સાદરીવાલાની શ્રીફળની પ્રભાવના લઇને શ્રીસંઘ પોતપોતાના સ્થાને વિદાય થયો હતો. બપોરે દેરાસરજીમાં અષ્ટ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. આ શુભ પ્રસંગે શ્રી આત્મારામજી મહારાજનો તેમજ વિજયવલ્લભસૂરિજીના ઓઇલ પેઇંટિંગ ફોટાઓ શ્રી સંઘ તરફથી ખૂલ્લા મુકવામાં આવ્યા હતા. ( મળેલું )

## પાલણપુરમાં શ્રી આત્મારામજી મહારાજની ઉજવાયેલી જયંતિ.

જેઠ સુદિ ૮ ના દિવસે મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના અધ્યક્ષપણાનીચે પાલણપુરમાં શ્રી વિજયાનંદસૂરીશ્વર મહારાજની જયંતી ઉજવવામાં આવી હતી. તે પ્રસંગે શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરના સમુદાયના મુનિશ્રી સંપતવિજયજી આદિ સાધુમંડલની તથા તપગચ્છ ખરતગચ્છની સાધ્વીઓના મોટા સમુદાયની હાજરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ મંગલાચરણ થયા બાદ પંન્યાસ સંપતવિજયજીએ તથા પંન્યાસ હીરમુનિએ તથા શ્રી દુર્લભવિજયજીયે તથા શ્રી રમણીકવિજયજીએ નાનાવિધ કાવ્ય છંદ અને ગાયનો દ્વારા ગુરૂસ્તુતિ કરી હતી, બાદ વાસક્ષેપથી ગુરૂમહારાજની મૂર્તિનું પૂજન થયું હતું. તદ-નંતર મહારાજ શ્રી હંસવિજયજી સાહેબે ગુરૂ મહારાજનું જીવનચરિત્ર સંભલાવી ગુણોનું અનુકરણ કરવા સભાને ઉત્સાહિત કરી હતી ત્યારબાદ મણીલાલ ખુશાલચંદે કેટલુંક વિવેચન કર્યું હતું. છેવટ શ્રાવિકાને જ્ઞાનઉત્તેજન આપનારી બુકોની પ્રભાવના શા ચુનીલાલ ઉજમચંદ તરફથી થયા બાદ સભા વિસર્જન થઇ હતી, ( મળેલું )

**સોનગઢમાં જૈન વિદ્યાર્થી આશ્રમની સ્થાપના**—ગઇ જેઠ શુદ ૫ ના રોજ સોનગઢ કાઠીયાવાડમાં શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમમાં ત્યાંના થાણદાર સાહેબના પ્રમુખ-પણા નીચે એક મેળાવડો થયો હતો. જૈન અને જૈનેતરોની હાજરી હતી. સ્થપાતાં આ નવા આશ્રમ માટે સમયને અનુકૂળ દરેક સ્થળે આવા આશ્રમો ખોલવાની જરૂરીયાત ઉભી થઇ છે વિગેરે વિષયો ઉપર ભાષણો થયાં હતાં. છેવટે જૈન વિદ્યાર્થીની સ્થાપના સાથે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા. બપોરના સતરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. સાંઝના સ્વામીવાત્સલ્ય થયું હતું. આ આશ્રમના સ્થાન–અનુષ્ઠાનો તૈયાર મળ્યા છે. ટ્રસ્ટીઓ અને કમીટીના નિમણુંક પણ થઇ છે. ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે. મળેલું.

## પ્રકીર્ણ.

દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અને રાજકીય મુક્તિ માટે એક કાર્યક્રમ રજુ કરી મહા-પુરૂષ ગાંધીજીએ દેશ સમક્ષ રજુ કર્યો, જેમાં અહિંસાત્મક રીતેજ યુદ્ધ છે, છતાં ગાંધીજીને સરકારે કેદ કરી હિંસાના જોખમમાં ઉતાર્યું છે. તેટલુંજ નહિ પણ દેશના નેતાઓ અને અન્ય બંધુઓએ અહિંસાના સિદ્ધાંતને મુખ્ય કરી શાંતિ જાળવી જેલમાં ગયા, કેટલા બંધુઓએ લાઠી, પ્રહારો વગેરે સહન કરી દેશ સેવા કરી છે, તેવા સંયોગોમાં જૈન સમાજે પણ આ અહિંસાત્મક લડતમાં પોતાનો યોગ્ય ફાળો હિંદની પ્રજા તરીકે આપવાનું કર્તવ્ય ચુક-વાનું નથી. આ માટે શ્રી મહાવીર વિદ્યાલયમાં જૈનોની એક જાહેર સભા તા. ૧૧–૫–૩૦ ના રોજ શેઠ લખમશી નપુ જે. પી. ના પ્રમુખપણા નીચે થયેલી હતી તે સભાએ કરેલા ઠરાવો જે કે પેપરોમાં આવેલ છે. પરંતુ જૈન કોમને તે માટે તે આવશ્યક હતું. શ્રી ગાંધી જીનો કાર્ય ક્રમ ખાદીનો સ્વીકાર ( પરદેશી વસ્ત્રનો ત્યાગ ) બીજી બને તેટલી પરદેશી વસ્તુનો અસ્વીકાર આત્મ શુદ્ધિ, સાદુ જીવન વગેરે વગેરેમાંથી જૈન સમાજ જે જે સ્વી-કારે તે ફલીતાર્થ છે. કેટલાક જૈન ભાઇઓ આ અહિંસાત્મક લડતમાં પડયા છે, જેલ સ્વીકારી છે. માર સહન કર્યો છે; પરંતુ આખી જૈન સમાજે ઉપરોકત સિદ્ધાંત સ્વીકારવો જોઇએ. સ્વદેશી વસ્ત્ર (ખાદી) સાધુ સાધ્વી મહારાજે પહેરવા જોઇએ, તેમાં ધર્મ દષ્ટિએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજકુલ બાદ આવતો નથી જેથી તેઓશ્રીએ સ્વીકારી તે માટે ગૃહસ્થોને પણ ઉપદેશ આપવો જોઇએ. જૈન કોમે પણ સ્વદેશી કાપડ વાપરવું સાધુ સાધ્વી મહારાજને તેવું વહોરાવવું અને ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ તેનો ઉપયોગ કરવો તેટલો પણ ફાળો અત્યારે લડાતી અહિંસાત્મક દેશની સ્વાતંત્ર્યની લડતમાં ફાળો આપી હિંદની પ્રજા તરીકે પણ છેવટ કર્તવ્ય બજાવવાનું છે. આ માટે અત્રેના વડવાના સંઘે તે માટે કરેલો ઠરાવ ધન્યવાદને પાત્ર છે.

# સ્વીકાર અને સમાલોચના.

**ચૈત્યવંદનાદિ ત્રણ ભાષ્ય અર્થ સહિત.** પ્રકાશક શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા મૂલ્ય ચૌદ આના. ચૈત્યવંદન, ગુરૂવંદન અને પ્રત્યાખ્યાન એ ત્રણ ભાષ્યો મૂળ, શબ્દાર્થ ગાથાર્થ અને ભાવાર્થ સાથે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમમાં દેવવંદન નમસ્કાર વિધિ, બીજામાં મુનિ–ધર્મગુરૂને વંદન કરવાનો વિધિ અને ત્રીજામાં ચાર પ્રકારના આહાર, ભક્ષ્ય, અભક્ષ્ય, વિગઇઓ, પ્રત્યાખ્યાન પ્રકારો વગેરેનું સ્વરૂપ જણાવેલ છે. મૂળ કર્તા શ્રી દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આ વિષય સિદ્ધાંતોમાંથી ઉદ્ધરેલ હોવાથી અભ્યાસીઓ માટે સરલતા વાળો બનેલ છે. દરેક જૈનોને પઠન પાઠન કરવા જેવો ગ્રંથ છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

# ખેદકારક નોંધ.

## શેઠ કેશવલાલ મગનલાલ ઠાકરશીનો સ્વર્ગવાસ.

ભાઇ કેશવલાલ યુવાન વયે જેઠ શુદ ૮ રોજ થોડા દિવસની બિમારી ભોગવી તેમના વતન અમદાવાદમાં સ્વર્ગવાસ પામ્યા છે. બંધુ કેશવલાલ, શ્રીમંત છતાં સ્વભાવે સરલ, મિલનસાર, શાંત અને સાદા હતા. દેવગુરૂધર્મના શ્રદ્ધાવાન પરમ ભકત હતા. જૈનધર્મના પુસ્તકોના વાંચનનો સારો શોખ ધરાવતા હતા. આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હતા અને લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી અમદાવાદમાં એક જૈનનરરત્નની અને આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો તે સ્વર્ગવાસી પુણ્યાત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. ક્રાઉન સોળ પેજી ચારશેંહ પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, સુંદર બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ ]

---

### ( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો—આચાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી શિષ્ય-રત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનુ એક અણમોલું રત્ન છે. અનેક પુજાઓમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષી અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો [ અક્ષરો ] માં છપાવેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઈ જાય છે. આ સાઠા ત્રણુશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી ભાષામાં છપાવી કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ અને વિજ્ઞાન.

“ વિજ્ઞાન આ પૃથ્વીને ભલે ગમે તેટલું છિન્નવિછિન્ન કરીને જુએ, પણ તે આપણને એવી કોઇ શકિત આપી શકનાર નથી કે જે શકિત દ્વારા ઈશ્વરને ખોળી શકાય. આપણે જો ઇશ્વરના અનંત પ્રેમ અને પવિત્રતા ઈચ્છતા હોઈએ તો આપણે તેની સાથે આપણા આત્માને જોડવો જોઈએ. આપણે આ જડવાદ અને અજ્ઞેયવાદની વચમાં થઇને જતાં જતાં જ્યારે એકવાર વિશ્વાસરૂપી પ્રકાશ પ્રાપ્ત કરીએ છીએ ત્યારે જ જાણી શકીએ છીએ કે ધર્મવિશ્વાસ એ કેવી મૂલ્યવાન વસ્તુ છે. એ વિશ્વાસ પ્રાપ્ત થઇ શકતો નથી ત્યાં સુધી આપણે સમજી શકતા નથી કે એનું–પ્રભુ ઉપરના વિશ્વાસનું–મૂલ્ય કેટલું બધું વધારે છે. મનુષ્યના અંતરમાં ઇશ્વરે પાછલા યુગોમાં જે પ્રમાણે મહાપુરૂષોદ્વારા પોતાને પ્રકટ કર્યો છે તે પ્રકારે અથવા કોઇ અન્ય પ્રકારે એ પછી પણ તે પોતાનો પ્રકાશ પ્રકટ કરી શકે કે જે પ્રકાશનો અનુભવ અત્યારે કોઇ કરી શકતું નથી. યુરોપના વિજ્ઞાનવેતાઓ જોરપૂર્વક બોલે છે કે પૃથ્વી કેવળ જડ પદાર્થથી પરિપૂર્ણ છે; પરંતુ હું તો મોટે સાદે કહી શકું છું કે ઇશ્વર છે અને સ્વર્ગ પણ છે. નાસ્તિકતા ફક્ત એકાદ રાત સુધી આપણા મન ઉપર માયાજાળ ફેલાવી શકે, પણ પછી બીજે જ દિવસે હૃદય ઉપર ધર્મનું રાજ્ય સ્થપાઇ જશે, ઇશ્વર પ્રેમ સ્વરૂપ છે, ન્યાયવાન છે, મૃત્યુ પછી પણ જીવન છે; એ સત્યના પાયા ઉપર બધા ધર્મનો આધાર છે. એ સત્ય હમેશાં કાયમ રહેશે. ”

× × × ×

“ મને ધર્મનું શિક્ષણ સૌથી પહેલું માતપિતા પાસેથી મળ્યું છે. મને યાદ છે કે હું માતાની સાથે બેસીને પ્રાર્થના કરતી, પિતાની આગળ ધર્મ સંગીત ગાતી. રવિવારને દિવસે અમારા ઘરમાં કોઇને પણ ધર્મ–પુસ્તક સિવાય બીજી કોઇ ચોપડી વાંચવા દેવામાં આવતી નહિ. દરરોજ પ્રાતઃકાળે અમારા ઘરમાં પુસ્તકાલયવાળા ઓરડામાં ઉપાસના થતી. પછી ધર્મગ્રંથનો પાઠ થતો. ત્યાર પછી ધર્મ સંબંધી વાતચીત થતી. ધર્મ–ચર્ચા મને બહુજ ગમતી. નાની વયથી હું તેમાં આનંદ મેળવતી હતી. ઇશ્વરનો પવિત્ર ભાવ મારા ચિત્તને બહુ ખેંચતો. મને યાદ છે કે એક દિવસ એ ભાવની એક કવિતા વાંચીને હું આનંદમાં ઘેલી થઇ ગઇ હતી. ”

“ મહાન સાધ્વીયો ” માંથી

For Private And Personal Use Only